REGISTERED No. B. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

अक्षुद्रो रूपसौम्यो विनयनययुतः क्रूरताशाठ्यमुक्तो ।
मध्यस्थो दीर्घदर्शी परहितनिरतो लब्धलक्षः कृतज्ञः ॥
सद्दाक्षिण्यो विशेषी सदयगुणरुचिः सत्कथः पक्षयुक्तो ।
वृद्धार्हो सज्जनो यः शुभजनदयितो धर्मरत्नस्य योग्यः ॥ १ ॥

પુસ્તક ૩૭ મું ] પોષ. સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [ અંક ૧૦ મો.

પ્રગટ કર્ત્તા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## अनुक्रमणिका.

| | | |
|---|---|---|
| ૧ | પાન્થને સન્દેશ ... ... ... ... | ૨૯૧ |
| ૨ | અસલના શ્રાવક ... ... ... ... | ૨૫૩ |
| ૩ | શ્રી પાર્શ્વજિન સ્તવન સારાંશ... ... ... | ૨૫૪ |
| ૪ | પ્રશ્નોત્તર સાર્ધશતકગત પ્રશ્નોત્તરો ... ... | ૨૯૮ |
| ૫ | જૈનો અને દયા ... ... ... ... | ૩૦૨ |
| ૬ | આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિક જીવન ... | ૩૦૬ |
| ૭ | ધર્માભિમાન ... ... ... ... | ૩૧૫ |
| ૮ | ભાવનગરમાં પ્રતિષ્ઠા મહોત્સવ ... ... | ૩૧૭ |
| ૯ | સ્ફુટ નોંધ અને ચર્ચા. ... ... ... | ૩૧૮ |
| ૧૦ | પુસ્તકોની પહોંચ ... ... ... ... | ૩૨૧ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦ પોસ્ટેજ રૂ ૦-૪-૦ ભેટના પોસ્ટેજ સહિત.

ભાવનગર-'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. મઠુલાલ લશ્કરભાઇએ છાપ્યું.

## अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

૧ થોડા વખતમાં બહાર પડશે.

૧ શ્રી વૃહત્ ક્ષેત્ર સમાસ. મોટી ટીકા સહિત.
૨ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર. ભાષાંતર. પર્વ ૧૦ મું. આવૃત્તિ બીજી.
૩ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. મૂળ. ગુજરાતી મોટા ટાઇપમાં. કિં. દશ આના.

૨ છપાય છે.

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર ભાષાંતર.
૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૨જો. સ્થંભ ૫ થી ૯. આવૃત્તિ બીજી.
૩ શ્રી ધન્યકુમાર ચરિત્ર ભાષાંતર.
૪ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૫ ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાષાંતર. (વિભાગ ૨ જો.)
૬ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર. આવૃત્તિ બીજી.
૭ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૪ થો. સ્થંભ ૧૯ થી ૨૪.
૮ શ્રી ઉપદેશ કલ્પવલ્લી (મન્હજિણાણુંની ટીકા) નું ભાષાંતર.

૩ તૈયાર થાય છે-તૈયાર થયે પ્રેસમાં જશે.

૧ શ્રી પર્વતિથિ વિગેરેના ચૈત્યવંદનો, સ્તવનો, સઝાયો, સ્તુતિ વિગેરેનો સંગ્રહ.
૨ શ્રી વિનોદકારી કથા સંગ્રહનું ભાષાંતર.
૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૨ જો. (કેટલાક નાના પ્રકરણો સાર્થ.)

---

श्री हंसरत्नसूरि विरचित

## श्री शत्रुंजय माहात्म्य. संस्कृत गद्यबंध.

આ ૮૫૫૦ શ્લોક પ્રમાણ ગ્રંથ સંસ્કૃત ભાષાના નવીન અભ્યાસીઓને ખાસ વાંચવા લાયક છે. ભાષા સરલ છે. શ્રી ધનેશ્વરસૂરિજી કૃત પદ્યબંધ શત્રુંજય માહાત્મ્યનો પ્રાયે અક્ષરશઃ સમાવેશ કરેલો છે. એ મહાતીર્થની ભક્તિવાળાઓએ ખાસ વાંચવા લાયક છે. અંદર ઘણી કથાઓ સમાવેલી છે. કિંમત રૂ.૧૦) પોસ્ટેજ નવ આના. સાધુ સાધ્વીને માટે મંગાવનારને તેમજ આ સભાના સભાસદને માટે કિંમત રૂ.૭ાા. બીજાઓને કમીશન ટકા ૧૦ આપવામાં આવશે.

આ ગ્રંથ છાપતાં પૃષ્ટ ૧૬૫ થી ૧૬૮ કરવાજ રહી ગયા છે, ત્રુટક નથી, તેથી એ અંકો ન દેખાવાથી ત્રુટક ગણીને તે પાના મંગાવવા નહીં.

# श्रीजैन धर्मप्रकाश.

शिवमस्तु सर्व जगतः, परहितनिरता भवंतु भूतगणाः ।।
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखीभवतु लोकः ।। १ ।।

"સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણીઓ પરોપકારમાં તત્પર થાઓ,
દોષમાત્ર નાશ પામો અને સર્વત્ર લોકો સુખી થાઓ."

પુસ્તક ૩૭ મું.] પોષ. સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [અંક. ૧૦ મો.

## પાન્થને સન્દેશ.

—:*0*:—

ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ.

ભવ અટવીના પાન્થ ! રૂડો સન્દેશ આ,
શ્રવણ કરી કરજે તદ્વત્ આચાર જો;
પુન્યોદયથી પામ્યો જન્મ ચિંતામણિ,
વ્યર્થ ગુમાવ્યે રઝળીશ ભવસાગરમાં જો. ૧
જૈનધર્મ પામ્યો તું આ નરજન્મમાં,
ભાગ્યતણી પોથી ઉઘડી તું માન જો;
ટુંક જીવન મળ્યું તદપિ હિંમત હાર ના,
તપ જપ વ્રતકરી ઝટપટ કર ભવ અન્ત જો. ૨
જૈનધર્મ એ સત્ય ધર્મ તું જાણજે,
નહીં મળશે ક્યાં ભવમાં તેહ અમૂલ જો;
તરંગ લાતે ચઢશે એ વિણ અબ્ધિના,[૧]
નહીં થાશે એ નાવ વિના ઉદ્ધાર જો. ૩
તુજ આતમસમ લેખ જગજીવ સર્વને,
જરીએ ના દે મન વચ કાયથી દુઃખ જો;

---

૧ એ ધર્મ વિના સંસારસમુદ્રના તરંગની લાતે ચડીશ.

દયાઝરણ વહેવા દે જીગરે નસનસે,
અંક રમે હરણાં ચુમશે તુજ હસ્ત જો. ૪
પ્રાણ પડે પણ સત્ય કદિ ત્યજતો નહીં,
**' सत्यमेव जयते '** પર રાખજે શ્રદ્ધા જો;
વિપત્તિ વાદળ વરસે વીજ ચમકે કદિ,
ગિરિ સમ રે'જે નહીં થાતો વિચલિત જો. ૫
ચોરી હિંસા ભગિની સંગ નિવારજે,[1]
નરકાવાસતણું દુઃખ શાસ્ત્રે જણાય જો;
બ્રહ્મચર્ય વા એકપત્નીવ્રત પાળજે,
પ્રથમ છે મુક્તિતણું અત્યુત્તમ કારણ જો. ૬
વીરવચન આગમ નવ મિથ્યા માનજે,
ઝળકે જયમ તે ઝળહળ રત્નની ખાણ જો;
પ્રમાદ પરિહરી સૂક્ષ્મ તત્ત્વ વિચારજે,
લ્હેજત મળશે હરદમ અપરંપાર જો. ૭
ઝેર વેરમાં અલ્પ આયુ વીતાવ ના,
અનિત્ય આ સંસાર ઉપાધિ ત્યાગી જો;
સગાં સંબધી સ્નેહી સુહૃદ સંગમાં,
ચૂકીશ ત્હારાં આતમસુખનાં સાધન જો. ૮
વાવવું તેવું લણવું જીવનમાં ખરે,
સુખદાયી નીવડે એવી કર કરણી જો;
બાહ્ય અભ્યન્તર કર્મ નિકંદન આણજે,
આત્મ વિશુદ્ધ કરી ચઢ મોક્ષ નિસરણી જો. ૯
જૈનધર્મનો નિર્મળ પંથ સ્વીકારજે,
વૃદ્ધિ કરવા મથજે આતમકાન્તિ જો;
સુન્દર આ સંદેશ પાન્થ ! સ્મરજે સદા,
મળશે જેથી નિશદિન અનુપમ શાંતિ જો. ૧૦

**સુંદરલાલ ડાહ્યાભાઈ શાહ.**

૧ ચોરી ને હિંસા આ બે બ્હેનોનો સંગ તજજે.

# असलना श्रावक.

શ્રાવક ઉત્તમ નામ ધરાવે, ધનના મેહ નિત્ય વરસાવે;
શ્રાવક ઉત્તમ જો ઘર આવે, ધનના મેહ તેહ વરસાવે—એ આંકણી.
કીડીથી કુંજર સુધીમાં, રક્ષણ કરવા જાવે;
અણગળ જળ ને અભક્ષ્ય તે તો, સ્વપ્નામાં નહીં આવે. શ્રા૦ ૧
પાન સોપારી બીડી તમાકુ, સાત વ્યસનનો ત્યાગી;
જીવ્હાસ્વાદ વ્હાલો નવ ગણશે, સામાયિકમાં રાગી. શ્રા૦ ૨
સંધ્યાકાળે કરે પડિક્રમણું, સવારમાં પણ કરતા;
જયણા જીવજંતુની રાખી, સમજી પગલું ભરતા. શ્રા૦ ૩
બ્રહ્મચર્યમાં સમજુ પૂરણ, નવવાડે શીલ ધરતા;
સુદર્શન પરે પરીક્ષામાંહે, અડગ રહે નવિ ડરતા. શ્રા૦ ૪
પરદારા પરધન પથ્થર સમ, મનથી નિશ્ચય જાણે;
મૃત્યુ લગે વિવ્હળ નવિ થાતા, ઇંદ્ર ચંદ્ર વખાણે. શ્રા૦ ૫
કામદેવ ને જીરણ શ્રેષ્ઠી, જુઓ ભાવના ભાવે;
બાર લાખ જૈનોમાં જોતાં, એકે નજર ન આવે. શ્રા૦ ૬
શૂળીપર તો ભલે ચઢાવે, બ્રહ્મચર્ય નવી ખંડે;
પ્રમાણ બાંધેલું જે ધનનું, વરતે રાખી ખંતે. શ્રા૦ ૭
વિજય શેઠ ને વિજયા રાણી, કેવા શિયળ ધરતા?
કૃષ્ણ પક્ષ ને શુકલ પક્ષના, નિયમને દ્રઢ ધરતા. શ્રા૦ ૮
બેની વચ્ચે રાખી ખડ્ગને, અખંડ શિયળ પાળ્યું;
વસ્તુપાળ ને તેજપાળે તો, આબુમાં દ્રવ્ય ઘાલ્યું. શ્રા૦ ૯
કુમારપાળ જે જૈનધર્મમાં, જીવ રક્ષણ કરનારો;
હેમાચાર્ય ગુરૂને પરતાપે, અખુટ ભર્યા ભંડારો. શ્રા૦ ૧૦
ચોદ મૂર્તિ સોનાની ઉત્તમ, અવિચળગઢે બીરાજી;
અઢાર કરોડ તો દેલવાડામાં, ધન ખરચ્યું થઇ રાજી. શ્રા૦ ૧૧
પેથડશા પણ ઉત્તમ બનીઓ, ચોવીશ ઘડી સોનાથી;
ઘીને બદલે સોનું બોલ્યા, હાલ બને કોનાથી? શ્રા૦ ૧૨
આબુ ઉપર ચડે જે પહેલો, તે સોનું તેટલું આપે;
ચોવીશ ઘડી કંચન અર્પીને, પેથડશા ટેક રાખે. શ્રા૦ ૧૩
જેસલમેરમાં યશ વરતાવ્યો, જવ સમ દેવળ દીઠું;
તલ સમ તો પ્રતિમાજી રૂડાં, નવાંગ દર્શન મીઠું. શ્રા૦ ૧૪

કુબેરથી પણ વિશેષ લક્ષ્મી, ધના શ્રાવકે પામી;
ચૌદશે ચુમાળીશ સ્થંભા, રાણકપુર નહીં ખામી. શ્રા૦ ૧૫
કારીગરની કરવી ગણના, દેવળ જવના જેવું,
તલ જેવા પ્રતિમાજી દીઠા, એ તો કામજ કેવું. શ્રા૦ ૧૬
શ્રદ્ધા વિવેક ક્રિયામાં પૂરા, શૂરા કર્મ ખપાવે;
સ્વામીભાઇના દુઃખને સમજી, નિજ સમ દ્રવ્યે બનાવે. શ્રા૦ ૧૭
લક્ષ્મીનું લેખું કાઢીને, વસ્તીનું પ્રમાણ ધારે;
તે ભાગે સ્વામીબંધુને, સહાય કરવા સ્વીકારે. શ્રા૦ ૧૮
સ્વામીવત્સલ તેને કહીએ, સ્વામી દુઃખી નવ દેખું;
સ્વામીભાઇને દુઃખી રાખીને, ધનનું શું કરે લેખું. શ્રા૦ ૧૯
દુઃખી જૈનોની રક્ષા કરતાં, સફળ જૈન જન્મારો;
સ્વામીભાઇને સુખી કરવા, ખરચો ધન ભંડારો. શ્રા૦ ૨૦
બળ ધન તનનો ગર્વ ન રાખે, સમદષ્ટિ સમભાવે;
સર્વ વાતમાં રહે નિયમસર, શ્રાવક તેહ કહાવે. શ્રા૦ ૨૧

વાડીલાલ સાંકળચંદ ઉપદેશક.

*ચિદાનંદઘન પરમ નિરંજન, જન મન રંજન દેવ; લલના છ૦ લલિત પદ ગર્ભિત

## શ્રીમન્મહોપાધ્યાયજી કૃત શ્રીપાર્શ્વજિન સ્તવન સારાંશ.

( લેખક સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

૧ અનંત જ્ઞાન અને અખંડ આનંદથી પૂર્ણ, પરમ વિશુદ્ધ અને જગતના જીવોને આનંદદાયક એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ કે જેમની સેવા દેવનાયકો (ઇન્દ્રો) પણ કરે છે, તે દેવાધિદેવની અમે દ્રવ્ય ભાવથી સ્તુતિ કરીએ છીએ.

મલીનારંભી ગૃહસ્થજનો મુખ્યતાએ દ્રવ્યપૂજાના અધિકારી હોવાથી, પ્રથમ પ્રભુપૂજાયોગ્ય ઉત્તમ દ્રવ્યો અત્ર દર્શાવવામાં આવે છે, તેવા ઉત્તમ દ્રવ્યયોગે પૂજા કરનાર ગૃહસ્થ શ્રાવકોને પ્રભુપ્રત્યે શુદ્ધ પ્રેમ ભાવ ઉલ્લસે છે; તે માટે પ્રથમ દ્રવ્યોલ્લેખ કરવામાં આવેલ છે, તે પછી ભાવનો ઉલ્લેખ કરવામાં આવશે.

૨ જાઈ, જુઈ, ચંપક, કેતકી, (કેવડો), દમણો, કુંદ, મચકુંદ, મોગરો, ડોલર, ગુલાબ વિગેરે સુગંધી પુષ્પો સારીજાતના મેળવી, નિર્મળ ભાવથી શ્રીપાર્શ્વ-

*આ અર્થગંભીર મનોહર સ્તવન નવપદ મહાત્મ્યાદિક બુકમાં મૂળ માત્ર પ્રકાશિત થયેલ છે

પ્રભુની પૂજા (ભક્તિવંત શ્રાવકોએ) કરવી ઉચિત છે.

૩ ઉત્તમ ચંદન ઘસી, તેમાં ઉંચો બરાસ મેળવી, તેવડે પ્રભુના આખે અંગે (મુખ સિવાય) વિલેપન કરવું અને શુદ્ધ કેશરનો ઘોળ કરી, ઉલ્લસિત ભાવે પ્રભુના નવ અંગે પૂજા કરી પ્રબળ પુન્ય ઉપાર્જવું યુક્ત છે. શીતળ દ્રવ્યોવડે વિલેપન પૂજા કરી શુદ્ધ કેશર કસ્તુરી વિગેરે સુગંધી દ્રવ્યોવડે પ્રભુના અંગે (યથોચિત સ્થાને) પૂજા કરવી યુક્ત છે.

૪ પ્રભુના અંગે મનોહર આંગી (અંગરચના) કરી, પ્રધાન મુકુટાદિક અલંકાર ચઢાવી, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ પ્રમુખ ઉત્તમ દ્રવ્યોવડે પ્રભુની પૂજા સારી રીતે કરી ઉદાર ભાવ ભાવવા યુક્ત છે.

૫ એવી રીતે પ્રભુની દ્રવ્યપૂજા રૂચિ સહિત કરીને, હવે ભાવસ્તવ કરતાં છતાં શ્રીમાન્ ઉપાધ્યાયજી કથે છે કે–હે પ્રભો ! આપની ઉત્તમ મુદ્રા (પ્રતિમા) નિહાળતાં અમને આપને પ્રગટ થયેલા અનંત ગુણની પ્રતિતી થાય છે, તે પ્રત્યક્ષવત્ ભાસે છે. પ્રભાવતી રાણીના પ્રાણપ્રિય પ્રભો ! અનંત જ્ઞાનાદિ ગુણોના નિધાનરૂપ આપ સદા જયવંતા વર્ત્તો.

૬ જો આપની ભકિતરૂપ મોરલી (મયૂરી) મ્હારા મનરૂપી વનમાં છુટથી વિચરે તો પાપરૂપ બંધન શિથિલ થઇ જાય, અર્થાત્ આપની ભક્તિના પ્રભાવથી પાપનાં બધાંય બંધન તૂટી જાય અને આખું જગત્ મિત્રરૂપે થઇ રહે, યાવત્ રાગ દ્વેષાદિ સઘળા દોષો વિલય થઇ જાય.

૭ જો આપની આજ્ઞારૂપી કલ્પવેલી મ્હારા મનરૂપી નંદનવનમાં પ્રગટ થઇ છે તો પછી તેમાં કુમતિ અને કદાગ્રહરૂપી કાંટાળાં વૃક્ષોનું ઉગવાપણું જ રહેશે નહિં–તેમનું જોરજ ચાલશે નહિં.

૮ પ્રભુપ્રત્યેનો ભકિતરાગ અને પ્રભુની આજ્ઞાના વચનોનું પાલન, એ બે મજબૂત ચક્રોવડે વેગથી ચાલનારો અઢારહજાર શીલાંગરથ સાધુજનોને. આ સંસારઅટવીને ઉલ્લંઘી, ક્ષેમકુશળે શિવપુરમાં લઈ જાય છે.

૯ શ્રી ગુરૂના હિતોપદેશથી આપના શાસનપ્રત્યે મ્હને જે પ્રેમભાવ પ્રગટયો છે, તે જેમ ભમરો પુષ્પમાંથી પરાગ ખેંચી લે છે, તેમ મહાનંદ–પરમાનંદ–મોક્ષપદ મ્હારામાટે ખેંચી લાવશે.

૧૦ જેમ સમુદ્રના જળમાં રહેનારૂં માછલું ગમે તેટલું અથડાય, પછડાય, ઊંચું નીચું થાય પણ સમુદ્રમાંજ રહે છે, તેમ આપના શાસનમાં લીન થયેલું મ્હારૂં મન ગમે તેવા સંયોગોમાં પણ તેમાંથી છુટું થવા ચહાતુંજ નથી, આપના શાસનનો રાગ છુટી નશકે એવો દૃઢ લાગેલો છે. તેની ખુમારી એવી અજબ છે કે તે કોઈ રીતે ઉતરી શકેજ નહીં.

૧૧ જો આપ સમર્થ એકજ મ્હારા હૃદયમાં (કાયમ) વસો છો, તો મ્હારે બીજા કોઇની કશી પરવા કે દરકાર નથી. આપની એક નિષ્ઠાથી કરાયેલી સેવા ભકિત અક્ષય અવિચળ મોક્ષ મેળવી આપશેજ, એવો મ્હને દૃઢ વિશ્વાસ છે.

૧૨ આ સેવકને આપના શાસનનો જે અનુભવ રસ ચાખવા મળ્યો છે, તેની બીજા પ્રાકૃત સામાન્ય જનોને શી ખબર હોય? કુંવારી કન્યાને દંપતી સંબંધી સંયોગના સુખની સમજજ કયાંથી હોય?

૧૩ આપ મ્હારા સ્વામી અને હું આપનો સેવક એ તો વ્યવહાર દૃષ્ટિવાળો વિવેક છે; બાકી નિશ્ચયનયના અભિપ્રાયે (વસ્તુતઃ) આપણ બંને વચ્ચે કશો ભેદભાવ રહેતોજ નથી. શા માટે આપણા વચ્ચે કશો ભેદભાવ રહેતોજ નથી? તેનું ખાસ કારણ સ્તુતિકાર સ્પષ્ટ કરે છે.

૧૪ મન, વચન અને કાયાદિ પુદ્‌ગલ માત્ર ચેતનદ્રવ્યથી ન્યારાજ છે અને શુદ્ધ જ્ઞાનાદિ ચેતનસ્વભાવથી રાગાદિ વિભાવ ન્યારોજ છે. મ્હારા શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયની ઘટના તો આપના સમાનજ છે. આપના અનંત જ્ઞાનાદિ ગુણો સઘળા પ્રગટ થયેલા છે, તેવાજ અનંત જ્ઞાનાદિ ગુણો આ ચેતન દ્રવ્યમાં તિરોભૂત (અપ્રકટ શક્તિરૂપે) રહેલા છે. તે ગુણો સામે દૃષ્ટિ રાખતાં તો સમાનતાજ લાગે છે—લાગવીજ જોઇએ.

૧૫ નિર્મળ મણિરત્નની જેવા આપ અંતરઘટમાં પ્રગટપણે બિરાજો છો, તો પછી આપને શોધવા માટે બહાર ભટકવા જવાની કશી જરૂર નથી. જેમ કસ્તુરીઓ મૃગ પોતાનીજ નાભીમાં રહેલી કસ્તુરીને સમજ્યા વગર જ્યાં ત્યાં બહાર ભટકતો ગેરસમજથી બાપડો દુઃખી થાય છે, પણ કયાંઈથી કસ્તુરી મેળવી શકતો નથી. તેમ મુગ્ધજનો પણ આપને શોધવા માટે સમજ્યાવગર બહાર ભટકતા ખેદ પામે છે; પરંતુ જેઓ આપના શુદ્ધ સ્વરૂપને અંતરઘટમાં નિર્ધારી જુવે છે, તેઓ તે મેળવીને પરમાનંદ પામે છે. નિજ છતી વસ્તુજ પ્રાપ્ત થઇ શકે છે, અછતી વસ્તુ પ્રાપ્ત થતીજ નથી. એવો કુદરતી નિયમજ છે.

૧૬ ગુણઠાણાદિ ભાવે (વિચારતાં) સહુ કોઇ જીવમાં આપનો (સતુચિત્) અંશ વ્યાપી રહેલો પ્રતીત થાય છે. જેમ હંસ પક્ષી દૂધ અને પાણીને જુદાં કરી શકે છે તેમ શુદ્ધ અનુભવજ્ઞાનવંત પણ દેહાદિક જડવસ્તુમાંથી નિજ ચેતનદ્રવ્યને જૂદું કરી શકે છે.

૧૭ જ્યારે આત્મજ્ઞાન (અધ્યાત્મ) દશા જાગે છે, ત્યારે તેની સાથેજ વૈરાગ્ય પણ પ્રગટે છે. તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. તેને ખરા ગુણરત્નની પરીક્ષા હોય છે તેથી પ્રધાન રત્નને તે પરખી શકે છે. પ્રધાન રત્ન

નજરે પડતાં તેનાથી તે અજાણ્યું રહેતુંજ નથી. તે સહજજ્ઞાન વૈરાગ્યના પ્રભાવે વસ્તુને વસ્તુગતે સમજી શકે છે, તેથીજ પવિત્ર જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ રત્નના ધારક સજ્જન, સાધુજનને અને તેના પ્રભાવને પણ જલદી પરખી શકે છે, અને તેનો તથાપ્રકારે આદર પણ કરી શકે છે.

૧૮ કેવળ પુન્યપ્રકૃતિ દેવગતિ માટે થાય છે અને જો તે પુન્યાનુબંધી પુન્ય ન હોય તો ત્યાંથી જીવ પાછો વિનિપાત પામે છે–નીચો પછડાય છે, તે મર્મની વાત મૂઢ જનો જાણી શકતા નથી, તેથીજ તેઓ પરમાર્થ સમજ્યા વગર બાહ્ય કષ્ટકરણીમાંજ મુંઝાઇ રહે છે, અને ધર્મનો ખરો પરમાર્થ સમજતા નથી. જેમ કોઇને કમળો થયો હોય તે અંધને પણ અંધ સમજી ન શકે તેમ મોહમૂઢ જનો પણ ધર્મ અધર્મનો મર્મ સમજી શકતા નથી. તે ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ માની બેસે છે.

૧૯ આત્માનું સહજ સ્વાભાવિક સ્વરૂપ વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ રહિત અરૂપી અને અતીંદ્રિય છે. તેને કોઈ જાતનું સંસ્થાન હોતું નથી. તે જન્મ જરા અને મરણની ઉપાધિ રહિત શુદ્ધ નિરંજન હોય છે. એવી લોકોત્તર સ્થિતિને અહો નાથ! આપ પ્રાપ્ત થયેલા છો.

૨૦ આપ અનંતજ્ઞાન–દર્શનવડે લોકાલોકના સર્વ ભાવને જાણી–દેખી શકો છો. તેવીજ રીતે આપ અનંત શક્તિ સંપન્ન છો અને અનંત આનંદથી પૂર્ણ છો. અનંત ચતુષ્ટયથી આપ અલંકૃત છો.

૨૧ આપ શુદ્ધ બુદ્ધ અરૂપી અને અતીંદ્રિય છો. આપને જગત સાથે કશો સંબંધ નથી. આપનું વર્ણન કરવા અમે અશક્ત છીએ. આપનું સ્વરૂપ કોઇથી વર્ણવી ન શકાય એવું અગમ ને અપાર છે.

૨૨ દીપક, ચંદ્ર, સૂર્ય અને ગ્રહાદિનું તેજ જ્યાં પ્રસરતું–પહોંચતું નથી ત્યાં લોકના અગ્ર ભાગે આપની નિર્મળ આત્મજ્યોતિ ઝળહળતી વ્યાપી રહી છે.

૨૩ આપ આદિ રહિત–અનાદિ છો. જન્મ જરા મરણ રહિત નિર્ભય છો. અનંત જ્ઞાનવડે સર્વવ્યાપક છો. રાગાદિ કર્મમળ રહિત છો. અનંત ભાવના જાણ છો. શુદ્ધ, બુદ્ધ, કષાયમુક્ત અને માયા રહિત છો. એમ આપ અનંત ગુણ યુકત છો.

૨૪ આપજ માતા, ત્રાતા (રક્ષક), ભ્રાતા, પિતા, બંધુ અને મિત્ર પણ આપજ છો, આપજ શરણ્ય[1] છો, માટેજ દઢ મન વચન કાયાથી આપની સેવા કરવી યોગ્ય છે.

૧ શરણ કરવા લાયક–આશ્રિતને આશ્રય આપનાર.

૨૫ હે પાર્શ્વપ્રભો ! હવે આપ મ્હારી આશા પૂર્ણ કરો, મ્હારી એક વિનંતિ સ્વીકારો અને મ્હને આ ભવસમુદ્રથી પાર ઉતારો એમ પંડિતશ્રી નયવિજયજીનો ચરણસેવક શ્રી યશોવિજયજી કહે છે.

## प्रश्नोत्तर सार्धशतकगत प्रश्नोत्तरो.

( અનુસંધાન પૃષ્ટ ૨૭૭-થી. )

પ્ર૦ ૩૫–મનુષ્યલોકમાં કલ્પવૃક્ષ હોય છે તે સચિત્ત કે અચિત્ત ? વનસ્પતિવિશેષ કે પૃથ્વીમય ? અને વિસ્રસા પરિણામે પરિણમેલા કે દેવાધિષ્ઠિત ? તે કહેવા કૃપા કરો

ઉ૦–મનુષ્યલોકના કલ્પવૃક્ષો સચિત્ત, વનસ્પતિવિશેષ અને યુગલિકોના પુણ્યોદયથી સ્વભાવેજ તેવા તેવા પ્રકારે પરિણમેલા હોય છે.

પ્ર૦ ૩૬–કુકડા ને મોરના માથાપર રહેલી શીખા સચિત્ત, અચિત્ત કે મિશ્ર ?

ઉ૦–કુકડાના માથાની સચિત્ત ને મોરના માથાની મિશ્ર સમજવી

પ્ર૦ ૩૭– અસુરકુમારાદિ ભવનપતિ દેવોના વર્ણ ચિન્હાદિનું સ્વરૂપ સંગ્રહણી વિગેરેમાં સ્પષ્ટ કહેલ છે; પરંતુ જ્યોતિષી દેવોના શરીરનો વર્ણ અને મુકુટનાં ચિન્હ કહેલ નથી તે કહેવા કૃપા કરો.

ઉ૦–ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારા–એ પાંચ પ્રકાર જ્યોતિષી દેવોના છે. તેમાં તારાઓ પાંચે વર્ણના છે, અને બાકીના ચાર તપાવેલા સુવર્ણ જેવા વર્ણવાળા છે. તે સર્વે વિશિષ્ટ વસ્ત્રાભરણવડે ભૂષિત અને મસ્તકપર મુગટવાળા હોય છે. તેમાં ચંદ્રને મુકુટના અગ્રભાગે પ્રભામંડળ જેવું મંડળાકાર ચંદ્રનું ચિન્હ હોય છે, તેજ રીતે સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારાઓના સંબંધમાં પણ સ્વ સ્વ મંડળાકાર ચિન્હ સમજી લેવું.

પ્ર૦ ૩૮–તારાના વિમાનોનો વિસ્તાર અર્ધ કોશ અને ઉંચાઇ કોશના ચોથા ભાગની સંગ્રહણીમાં કહેલી છે, તો તે કરતાં ન્યૂન પ્રમાણવાળા તારાનાં વિમાન હોય કે નહિ ?

ઉ૦–સંગ્રહણીમાં કહેલ વિસ્તાર ને ઉંચાઇ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તારાના વિમાનોની સમજવી, જઘન્ય સ્થિતિવાળા તારાના વિમાનો તો ૫૦૦ ધનુષ્યના વિસ્તારવાળા અને ૨૫૦ ધનુષ્યની ઉંચાઇવાળા તિર્યક્–તીર્છા–મનુષ્યલોકમાં હોય છે.

પ્ર૦ ૩૯–મનુષ્ય ક્ષેત્રની બહાર રહેલા સ્થિર ચંદ્રાદિના વિમાનોની પહોળાઈ ને ઉંચાઇ મનુષ્યલોકમાં રહેલા ચંદ્રાદિના વિમાનો કરતાં અર્ધ કહેલી છે, પણ તેનું આયુષ્ય કેટલું હોય છે ?

ઉ૦–આયુષ્ય મનુષ્યલોકની અંદરના ને બહારના તમામ જ્યોતિષ્કોનું એક સરખું (જે પ્રમાણે જુદું જુદું કહેલું છે તે પ્રમાણે) સમજવું.

પ્ર૦ ૪૦–જેમ જંબૂદ્વીપમાં ને લવણસમુદ્રમાં રહેલા ચંદ્રાદિક જંબૂદ્વીપના મેરૂની ફરતા ફરે છે, તેમ ધાતકીખંડાદિકના ચંદ્રાદિ જંબૂદ્વીપના મેરૂ ફરતા ફરે છે કે પોતપોતાના દ્વીપના મેરૂ ફરતા ફરે છે ?

ઉ૦–બધા ચંદ્રાદિ જંબૂદ્વીપના મેરૂ ફરતાજ ફરે છે, તેની ૬૬–૬૬ ની ચાર પંક્તિઓ છે. બે સૂર્યની ને બે ચંદ્રની, તે એક બીજાના અંતરમાં રહેલી છે.

પ્ર૦ ૪૧–મનુષ્ય લોકની બહાર રહેલા ચંદ્ર ને સૂર્યો કેવી વ્યવસ્થાએ રહેલા છે? સૂચિશ્રેણીએ કે પરિરય શ્રેણીએ ?

ઉ૦–આ સંબંધમાં એક વાત કહી શકાય તેમ નથી. ચંદ્રપ્રજ્ઞપ્તિ, જીવાભિગમ, સંગ્રહણી વિગેરેમાં મનુષ્યક્ષેત્રની બહાર પણ સૂચિશ્રેણીએ છે એમ કહ્યું છે. પણ ચંદ્રપ્રજ્ઞપ્તિમાંજ સૂર્ય સૂર્યને અને ચંદ્ર ચંદ્રને એક એક લાખ યોજનનું આંતરૂં અને પ્રત્યેક ચંદ્રને ને સૂર્યને પચાસ પચાસ હજાર યોજનનું આંતરૂં કહ્યું છે, તે સૂચિશ્રેણી હોય તો ઘટી શકતું નથી. લોકપ્રકાશાદિમાં બંને વાત કરી છે. પરિશિષ્ઠ પર્વ વિગેરેમાં દૃષ્ટાંતરૂપે જે હકીકત લખી છે તે ઉપરથી પરિરયશ્રેણીએ ઘટી શકે છે.

પ્ર૦ ૪૨–ભરત ઐરાવત ક્ષેત્રમાં જ્યારે દિવસ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં રાત્રી હોય અને જ્યારે અહીં રાત્રી હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય તે તો ઠીક, પણ વર્ષાદિ ઋતુ અહીં પ્રમાણેજ ત્યાં પણ હોય એમ ભગવતીજી વિગેરેમાં કહ્યું છે તે કેમ બને ? કારણ કે અહીં ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે ત્યાં ૧૨ મુહૂર્તનો દિવસ હોવો જોઇએ ને ૧૮ મુહૂર્તની રાત્રી હોવી જોઇએ તેથી દિવસ નાનો હોવાને લીધે ઋતુમાં વિરોધ કેમ ન આવે ?

ઉ૦–હે ભવ્ય ! આ તારૂં માનવું ભૂલભરેલું છે. જ્યારે અહીં ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે ત્યાં પણ ૧૮ મુહૂર્તનોજ દિવસ હોય ને બંને સ્થાને ૧૨ મુહૂર્તની રાત્રીઓ હોય, તેનું કારણ એ કે કર્ક સંક્રાતિને પહેલે દિવસે પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં હજુ ત્રણ મુહૂર્ત દિવસ હોય ત્યારથી ભરતક્ષેત્રના મનુષ્યો ઉગતો સૂર્ય દેખે અને ભરતક્ષેત્રમાં ત્રણ મુહૂર્ત દિવસ બાકી હોય ત્યારે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યો ઉગતો સૂર્ય દેખે; એ પ્રમાણે ઐરાવત માટે પણ સમજવું. એટલે ગ્રીષ્મઋતુમાં જ્યારે સર્વોત્કૃષ્ઠ ૧૮ મુહૂર્તનો દિવસ હોય

ત્યારે આદિ અંતના મળીને છ મુહૂર્ત સર્વ ક્ષેત્રમાં દિવસ હોય. સૂર્ય સર્વ અભ્યંતર મંડળે વર્તતો હોવાથી; અને શીતઋતુમાં જ્યારે સર્વોત્કૃષ્ટ ૧૮ મુહૂર્તની રાત્રી હોય ત્યારે પહેલા પછીના મળીને છ મુહૂર્ત બધે રાત્રી હોય, સૂર્ય સર્વ બાહ્ય મંડળે રહેલો હોવાથી–આમ હોવાથી ઋતુ બધે એક સરખી થઇ શકે છે. જ્યારે અહીં બાર મુહૂર્તનો દિવસ હોય ત્યારે અહીં સૂર્ય અસ્ત થયાં છતાં ત્રણ મૂહુર્ત પછી મહાવિદેહમાં ઉદય થાય. તરત ઉદય થાય નહીં એમ સમજવું.

પ્ર૦ ૪૩–જ્યારે સૌધર્મેંદ્ર જિનજન્માદિ પ્રસંગે અહીં આવવાના હોય છે ત્યારે સર્વ દેવતાઓને ખબર આપવા સારૂ પદાતિ સેનાના અધિપતિ પાસે સુઘોષા ઘંટા વગડાવે છે તે તો પ્રસિદ્ધ છે પણ બીજા ૬૩ ઇંદ્રો કયા દેવની પાસે શું નામની ઘંટા અથવા બીજું વાજીત્ર વગડાવે છે ?

ઉ૦–પેલા, ત્રીજા, પાંચમા, સાતમા ને ૧૦મા દેવલોકના ઇંદ્રો પોતપોતાના પદાતિ સેનાના અધિપતિ હરિણૈગમેષિ દેવની પાસે સુઘોષા ઘંટા વગડાવે છે ને બીજા, ચોથા, છઠ્ઠા, આઠમા, ને બારમા દેવલોકના ઇંદ્રો પોતપોતાના પદાતિ સેનાના અધિપતિ લઘુપરાક્રમ નામના દેવની પાસે મહાઘોષા નામની પોતપોતાની ઘંટા વગડાવે છે.

અસુરકુમારના ઇંદ્રોના પદાતિ અનિકાધિપતિ દ્રુમ ને મહાદ્રુમ નામના છે અને દક્ષિણ બાજુની બીજી નવનિકાયના ભદ્રસેન અને ઉત્તર બાજુની નવનિકાયના ઇંદ્રોના દક્ષ નામના પદાતિ સેનાના અધિપતિ છે અને ઘંટા પણ દરેક નિકાયની જુદા જુદા નામની છે તે તેની પાસે વગડાવે છે.

વ્યંતરોના દક્ષિણ બાજુના ૧૬ ઇંદ્રોની મંજુસ્વરા નામે ઘંટા છે અને ઉત્તર બાજુના ૧૬ ઇંદ્રોની મંજુઘોષા નામે ઘંટા છે. તે પોતાના જુદા જુદા નામવાળા આભિયોગિક દેવોની પાસે વગડાવે છે અને જ્યોતિષ્કના ઇંદ્રોની સુસ્વરા ને સુસ્વર નિર્ઘોષા નામની ઘંટા છે, તે પોતપોતાના અનિયત નામવાળા આભિયોગિક દેવો પાસે વગડાવે છે. આ પ્રમાણે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં પ્રથમ જિનજન્માધિકારે વિસ્તારથી કહેલ છે.

કોઇ એક ગાથામાં વૈમાનિકને ઘંટા, ભવનપતિને શંખ, વ્યંતરને પડહ ને જ્યોતિષીને સિંહનાદ કહેલ છે, પણ આ ગાથા કયાંની છે તે જણાતું નથી.

પ્ર૦ ૪૪–જ્યારે ૬૪ ઇંદ્રો અહીં આવે છે ત્યારે તેના વિમાનના રચનાર દેવોના નામ શું ? વિમાનનું પ્રમાણ કેવડું ? ને આગળ ચાલનારો મહેંદ્ર ધ્વજ કેવડો ? તે જણાવવા કૃપા કરો.

ઉત્તર—વૈમાનિકના દશ ઇંદ્રોના વિમાન રચનારા અનુક્રમે પાલક, પુષ્પક, સૌમનસ, શ્રીવત્સ, નંદાવર્ત્ત, કામગમ, પ્રિતિગમ, મનોરમ, વિમળ ને સર્વતોભદ્ર નામના દેવો છે. ભવનપતિ, વ્યંતર ને જ્યોતિષ્કોના વિમાનકારક અનિયત નામવાળા આભિયોગિક (સેવક) દેવો છે.

વૈમાનિકના દશેં ઇંદ્રોના વિમાનો લાખ યોજન લાંબા પહોળા અને ઉંચા પોતપોતાના વિમાન પ્રમાણે હોય છે. તેનો મહેંદ્રધ્વજ એક હજાર યોજન ઉંચો હોય છે. અસુરેંદ્રના વિમાનોને ઇંદ્રધ્વજો તે કરતાં અર્ધ પ્રમાણવાળા હોય છે ને બાકીની નવ નિકાયના ઇંદ્રોના વિમાનોને ઇંદ્રધ્વજો તે કરતાં પણ અર્ધ પ્રમાણવાળા હોય છે. વ્યંતર જ્યોતિષ્કના ઇંદ્રોના વિમાનો એક હજાર યોજન લાંબા પહોળા ને મહેંદ્રધ્વજ ૧૨૫ યોજન ઉંચો હોય છે. આ સંબંધમાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની વૃત્તિમાં ઘણો વિસ્તાર છે. વિસ્તારના અર્થીએ ત્યાંથી જાણી લેવું.

પ્ર૦ ૪૫—ઇંદ્રોના પાલકાદિ દેવો વિમાન રચનાર છે તે પોતાના આત્મપ્રદેશથી અધિષ્ટિત વિમાનો બનાવે છે કે પોતાના આત્મપ્રદેશથી રહિત અન્ય અચિત્ત પુદ્ગળોના બનાવે છે?

ઉત્તર—પોતાના આત્મપ્રદેશવાળા બનાવે છે, તેથી તે અચિત્ત નથી. અને વિમાનના નામ પણ તેજ કારણથી રચનારના નામવાળાજ હોય છે.

પ્ર૦ ૪૬—લોકપાળના વિમાનો જ્યારે જુદા છે ત્યારે ઇંદ્રના સામાનિક દેવો જે મહર્દ્ધિક છે તેઓના વિમાનો પણ જુદા જુદા છે કે ઇંદ્રના વિમાનમાંજ તેમનો સમાવેશ છે?

ઉત્તર—સામાનિકના વિમાનો જુદા નથી, કારણ કે આઠમા દેવલોકાદિમાં તો સામાનિક કરતાં કુલ વિમાનોજ ઓછા છે. આઠમા દેવલોકમાં વિમાન છ હજાર છે ને સામાનિક દેવો ૩૦૦૦૦ છે. આનત પ્રાણતમાં વિમાનો ૪૦૦ છે અને સામાનિક ૨૦૦૦૦ છે. આરણ અચ્યુતમાં વિમાનો ૩૦૦ છે અને સામાનિક ૧૦૦૦૦ છે. વળી જો સામાનિકના વિમાનો પૃથક્ હોય તો કોઇવાર અભવ્યને પણ વિમાનાધિપતિ થવાનો પ્રસંગ આવે. સંગમદેવ અભવ્ય છતાં તે વિમાનનો સ્વામી હતો એમ કહેવાય છે પણ તે સંગત લાગતું નથી.

જો એ પ્રમાણે હોય તો સામાનિક દેવો જેઓ મહર્દ્ધિક છે તેઓ તેમાં શી રીતે રહી શકે? એમ શંકા થાય તો તેના ઉત્તરમાં જાણવું કે દેવલોક એટલે એક દેશ, તેમાં વિમાનો ગામો કે નગરો જેવા અને મહર્દ્ધિકની નિવાસભૂમિ તે શહેરની પોળો જેવી સમજવી અને તેટલા વિભાગનું તેનું સ્વામીપણું હોવાથી તેને પોતપોતાના (વિમાનના વિભાગના) સ્વામી કહી શકાય; તે

કારણથીજ એવી શબ્દરચના કેટલેક ઠેકાણે કરેલી હોય છે. વધારે વિસ્તાર માટે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વૃત્તિ જોવી.

---

આની પછીના પ્રશ્ન ૪૭ થી ૧૫૪ સુધીના પ્રથમ આ માસિકના અંક ૧ લા થી ૫ મા સુધીમાં આપેલા છે, અને પ્રથમના ૪૬ પ્રશ્નો રહેલા તે અંક ૮-૯-૧૦ માં આપ્યા છે. આ પ્રમાણે થવાથી આ ગ્રંથ સંપૂર્ણ થયેલો છે.

પ્રથમ આપેલા પ્રશ્નોત્તરોમાં મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજે સુધારા સૂચવ્યા છે તે નીચે પ્રમાણે—

પ્રશ્ન ૧૦૯ના ઉત્તરમાં ઉપેક્ષાસંયમ સંબંધી અર્થ વિચારતાં ભૂલ જણાય તો સુધારી લેવા વિજ્ઞપ્તિ છે.

પ્રશ્ન ૧૧૦ના ઉત્તરમાં સૂર્ય ઉદય થયા પહેલાં અશનાદિક લાવી સૂર્યોદયે વાપરે તે કાળાતિક્રાંત લખ્યું છે પણ તે તાપક્ષેત્રાતિક્રાંત સમજવું.

પ્રશ્ન ૧૩૧ના ઉત્તરમાં પૃષ્ટકરંડકને કેટલાક પાંસળીઓ કહે છે એવું કૌંસમાં લખ્યું છે પણ તે વાંસાની ઉભી કરોડ સમજવી. શરીર ઘણું મોટું હોવાથી ઉભા પૃષ્ટવંશ તેટલા હોય છે.

# जैनो अने दया.

( અનુસંધાન પૃષ્ટ ૨૭૩ થી. )

આપણે અનુબંધ દયા, સ્વદયા અને ભાવદયાનો તફાવત અત્રે વિચારી લઈએ. સ્વદયામાં કામ દયાનુંજ થાય છે, એનો આશય આત્મવિકાસનો રહે છે; ભાવદયામાં પરજીવના હિતપર લક્ષ્ય રાખી તેનો વાસ્તવિક ઉદ્ધાર થાય તેવું વર્તન થાય છે, તેવો ઉપદેશ થાય છે; અનુબંધ દયામાં ઉપરની નજરે હિંસાનું કામ થાય છે પણ આશય દયાનો છે અને પરિણામ સારૂં થાય છે. આ પ્રસંગે પીનલકોડની એક કલમ મને ખાસ વિચારવા યોગ્ય લાગે છે. કલમ ૮૧માં કહે છે કે "અમુક કાર્ય કરવામાં આવે તે વખતે તે કાર્ય ઇજા કરશે તેવી બુદ્ધિથી જાણી જોઇને કરવામાં આવે તેથીજ તે ગુન્હો ગણાતો નથી, પણ જો તે વખતે ઈજા કરવાનો ફોજદારી ઇરાદો ન હોય તો અને તેની સાથે શુભ આશય જોડાયલો હોય અને અન્ય મનુષ્યને અથવા વસ્તુઓને થતી મોટી હાનિ અથવા પીડા અટકાવવાનો ઇરાદો હોય તો."

સદરહુ કલમના ખુલાસામાં લખવામાં આવ્યું છે કે 'જે ઈજા અટકાવવાની હોય તે મોટી હતી કે નહિ અને અટકાવવા યોગ્ય હતી કે નહિ અને બીજી

રીતે અટકી શકે તેમ હતી કે નહિ એ સર્વ હકીકતના પ્રશ્નો છે.'

ત્યાર પછી એ અપવાદની કલમ પર એક દાખલો આપ્યો છે; 'એક સ્ટીમરનો કપ્તાન કોઇ જાતની ગફલતી કે ભૂલ વગર એવી સ્થિતિમાં આવી જાય છે કે તેની સ્ટીમર જે ઘણી જોસમાં ચાલી આવતી હોય તેને તે ચલાવ્યે રાખે તો સામે ૨૦-૩૦ મુસાફરોના મછવાને ડુબાડી દે અને જો તે વખતે તે પોતાની સ્ટીમરનો રસ્તો બદલે તો બીજી બાજુ એક નાનો મછવો છે તેમાં બે ત્રણ માણસો છે તેને ડુબાડી દે; તેને એમ પણ લાગે છે કે કદાચ નાના મછવાને તે પસાર પણ કરી જાય; હવે તે વખતે નાના મછવાને ડુબાવી દેવાના ઈરાદાથી નહિ પણ મોટા મછવાના ૨૦-૩૦ મુસાફરોને બચાવી લેવાના ઈરાદાથી સ્ટીમરનો કપ્તાન પોતાનો માર્ગ ફેરવે અને તેમ કરતાં કદાચ નાનો મછવો ડુબી જાય તો તેનો ગુન્હો ગણાતો નથી, પણ તેમાં એટલું સાબીત થવું જોઇએ કે જે જોખમ એણે ખેડયું તેમાં તેનો આશય નાના મછવાને ડુબાવવાનો નહોતો, પણ મોટા મછવાના સંખ્યાબંધ મુસાફરોને બચાવવાનો હતો.'

આગ લાગી હોય ત્યારે તેને અટકાવવા ખાતર ઘર તોડી પાડતાં કદાચ કોઇ માણસ તેમાં દટાઇ જાય તો તે કાર્યનો પણ ઉપરની કલમથી બચાવ થાય છે. મારા સમજવા પ્રમાણે આ આખી કલમ અનુબંધ દયાનો નમુનો છે.

બાકી પોતાના બચાવ ખાતર કરનાર કોઇનો બચાવ થઇ શકતો નથી. ઘરમાં એકદમ ભૂખ આવી ગઇ હોય તોપણ સ્વબચાવ ખાતર અન્યના પ્રાણ લઇ તેના માંસથી શરીરને ટકાવવાની રજા કાયદો પણ આપતો નથી, અને દરિદ્રતાથી ઘર ભરાઇ ગયું હોય, ઘણા દિવસોના ઉપવાસ થયા હોય છતાં પારકી વસ્તુની ચોરી કરી પેટ ભરવાની સંમતિ કાયદો આપતો નથી. આ સર્વ વાતો કાયદાએ તો સમાજવ્યવસ્થા ખાતર સ્વીકારી છે. પણ આત્મદૃષ્ટિએ વિચાર કરીએ ત્યાં તો સવાલજ રહેતો નથી. પોતાના હિત ખાતર અન્યને ખોટી રીતે જરા પણ ઘસારો કે નુકશાન આપવાની ભાવના થાય ત્યાં આત્મધર્મનો સર્વથા લોપ થઇ જાય છે તે નવું જાણવાનું રહેતું નથી. એમ ન હોય તો ચોર, ફાંસીઆ, ધાડપાડુઓ અને લુંટારા પોતાના કામનો ઘણો બચાવ કરી શકે. ઘણી વખત દુઃખથી અથવા અંદર અંદરના ભયથી ચોરી અને લુંટ થાય છે, ચોરો પોતાના મિત્રોના દબાણથી ચોરી કરે છે, ઘરના છોકરાઓને ટળવળતા જોઈ તેની દયા ખાઇ ચોરી કરે છે—પણ આ સર્વ ખોટી દયા છે, ઉપર ઉપરની ભૂલાવો ખવરાવનારી દયા છે, સમાજવ્યવસ્થામાં અનવસ્થા લાવનાર લાગણી માત્ર છે.

## વ્યવહાર દયા-નિશ્ચય દયા.

આ દયામાં દ્રષ્ટિબિંદુ પર લક્ષ્ય રહે છે. જે દષ્ટિબિંદુથી અમુક કાર્ય કરાય તે પ્રમાણે તેનું ફળ બેસે છે.

સાધારણ લોકો માત્ર લાગણી ખાતર ઓઘ દૃષ્ટિએ દયા પાળે, તેને વ્યવહાર દયા કહેવામાં આવે છે. પાણી ગળીને વાપરવું, વસ્તુ લેવી તે વખતે તેને પુંજવી, દાણામાં જીવજંતુ રહેવા દેવા નહિ, કપડાની પ્રમાર્જના કરવી, પુસ્તકને ઉધી ન લાગે તેવી રીતે તેમાં જવ વિગેરે વસ્તુઓ નાખવી, ચાલતી વખતે કોઇ નાના મોટા જીવ ચંપાઈ ન જાય તેટલા સારૂ નીચી નજર રાખીને ચાલવું, અનાજ વાપરતી વખત શુદ્ધ કરી તપાસી લેવું વિગેરે વિગેરે વ્યવહારમાં દયા કહેવાય છે. જેને આપણે દયા તરીકે ઓળખીએ છીએ તે સર્વનો આ દયામાં સમાવેશ થાય છે. દ્રવ્યદયા અને વ્યવહાર દયામાં બહુ તફાવત છે. દ્રવ્યદયામાં વિષયી ઉપર લક્ષ્ય રહે છે અને વ્યવહાર દયામાં દૃષ્ટિબિંદુપર લક્ષ્ય રહે છે. કુળધર્મથી સંસ્કાર પડેલા હોય તેને અનુસરીને ચાલુ દયા પળ્યા કરે તે સવ નો સમાવેશ વ્યવહાર દયામાં થાય છે. એમાં સાધુ દોષ રહિત આહાર કરે, પાંચ સમિતિ પાળે, પ્રમાર્જના કરે, એ સર્વનો સમાવેશ થઇ જાય છે. આ વ્યવહાર દયા તે પર દયા પણ છે; પણ તેમાં લક્ષ્ય પારકી દયાનું હોવા કરતાં પોતાના સાહજિક ધર્મ તરીકે તે પ્રાપ્ત થાય છે. દ્રવ્યદયા, વ્યવહારદયા અને પરદયા વચ્ચેનો તફાવત આ ઉપરથી સ્પષ્ટ થયો હશે.

નિશ્ચય દયામાં સાધ્યના ઉપયોગમાં રમણતાનું ધ્યેય રહે છે. એનો ઉપયોગ એટલો બધો શુદ્ધ હોય છે કે એના લક્ષ્યને એ પ્રત્યેક કાર્યમાં ચૂકતો નથી. તેવા પ્રાણી ગમે તેવી દશામાં હોય પણ એનું લક્ષ્ય સ્પષ્ટ હોય છે, એનામાં સાધ્યની એકતાનતા હોય છે, એનામાં સાધ્યના માર્ગપર અચૂક નજર હોય છે, એના વિચારમાં સાધ્યપ્રાપ્તિનું શુદ્ધ લક્ષ્ય હોય છે. એ શુદ્ધ લક્ષ્યને નજરમાં રાખી એ પ્રાણી પોતાના કાર્યની ઘટના કરે છે, એના લક્ષ્યને વિરોધ આવે તેવું કોઇ કાર્ય તે કરતો નથી, એને દુનિયા દિવાનો કહે કે મૂર્ખ કહે તેની તેને દરકાર નથી રહેતી, પણ એના સાધ્ય સાથેજ એની નજર રહે છે.

નિશ્ચય દયામાં ઉપયોગ-ધ્યેયનું લક્ષ્ય સ્પષ્ટ રહે છે. એનો સંબંધ જીવન-વ્યવહાર સાથે વિશેષે કરીને હોય છે. વ્યવહાર દયાના પ્રસંગો એને આવે તો તે પાળે છે, તેને અને નિશ્ચય દયાને કાંઈ વિરોધ નથી, પણ વ્યવહાર દયામાં લક્ષ્ય સાહજિક ધર્મો, કુળક્રમાગત ધર્મો પર રહે છે ત્યારે નિશ્ચય દયાવાળાનું લક્ષ્ય પોતાના અંતિમ લક્ષ્ય પર રહે છે. વ્યવહાર દયા પાળ-નાર એવો વિચાર કરે છે કે-"અરે! આપણે જૈન થયા માટે આપણે રાત્રે

જમાય નહિ, અભક્ષ્ય ખોરાક ખવાય નહિ; આપણે સાધુ થયા માટે આપણાથી વાહનમાં બેસાય નહિ, આદેશ કરી આપણા માટે રસોઈ કરાવાય નહિ, ઠંડુ પાણી પીવાય નહિ વિગેરે. આ સર્વ યોગ્ય છે, કર્તવ્ય છે, અને તેટલા માટે એને વ્યવહાર દયામાં સ્થાન આપવામાં આવ્યું છે.

પરંતુ નિશ્ચય દયાવાનનો માર્ગજ જૂદો હોય છે. એ એના સહજ ધર્મો તો જરૂર પાળે છે. પણ ખરૂં લક્ષ્ય તો નૈસર્ગિક ધર્મો તરફ અને સર્વ કર્મથી મુક્તિ મેળવવા તરફ હોય છે. એને કોઇ પ્રકારની લોકૈષણા હોતી નથી. એને લોકરંજન કરવાનો ભાવ હોતો નથી, અને લોકોના વખાણનો કે લોકોના ચાહનો મોહ હોતો નથી. દુનિયા એને માટે શું કહે છે કે ધારે છે, તે તરફ એનો વિચારજ હોતો નથી. એની મસ્તી તદ્દન જુદા પ્રકારની હોય છે, અનેરી હોય છે.

સ્વદયા અને નિશ્ચયદયામાં તફાવત જણાઇ જાય તેવો છે. સ્વદયામાં લક્ષ્ય અંતરાત્મા તરફ હોય છે. જ્યારે નિશ્ચય દયામાં દ્રષ્ટિબિન્દુ પરમસાધ્ય તરફ હોય છે. વ્યવહાર દયાનો ઘણોખરો ભાગ સ્વદયામાં આવી જાય, તથા કેટલોક પરદયામાં જાય છે, જ્યારે નિશ્ચય દયા તદ્દન અલગ પડી જાય છે. બરાબર વિચાર કરતાં જણાશે કે નિશ્ચય દયામાં જેને આપણે સાધારણ રીતે દયા કહીએ છીએ તેની કોઇ વાત હોતી નથી, એમાં તો એકતાનું જ્ઞાન આંતર તત્ત્વ રહસ્યની વિચારણા, અભેદ ઉપયોગ અને એ તરફ પ્રયાણ જણાય છે. વ્યવહાર દયાના પ્રસંગો એમાં આવી જાય તો તેનો નિષેધ નથી, પણ તે વખતે પણ દૃષ્ટિબિન્દુની સ્પષ્ટતા તો ચોક્કસ અલગ પડી જાય છે.

નિશ્ચય દયાના સૂત્રને અમલમાં મૂકનાર ગુણપ્રાપ્તિ કરતો જાય છે, વિકાસ ક્રમમાં આગળ વધતો જાય છે, ગુણસ્થાનકે આરોહણ કરતો જાય છે, અને છેવટે અંતિમ સાધ્યે પહોંચે છે.

## સામાન્ય.

આવી રીતે અહિંસા અને દયાની વિચારણા અનેક દૃષ્ટિબિન્દુઓથી કરવામાં આવી છે. જુદા જુદા મુદ્દાઓપર લક્ષ્ય રાખી દયાના ભેદ પાડવામાં આવ્યા છે, અને એ વિષયની મહત્તા બતાવવા પ્રયત્ન કર્યો છે. એ વિષયને અંગે જો નયનું સ્વરૂપ જાણવામાં હોય, જો તેના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ભેદો વચ્ચેનો તફાવત સમજાયો હોય તો દયાનું સ્વરૂપ હસ્તામલક જેવું લાગે છે.

મુદ્દાની વાત એ છે—કે દયાનું સ્વરૂપ એવી સુંદર રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે કે એની વિચારણામાં આખો નીતિવિભાગ (Ethics) અને તત્ત્વજ્ઞાનનો સમાવેશ થઇ જાય. બરાબર દયા પાળવામાં આવે તો ધર્મરહસ્યનો કે આત્મવિકાસનો કોઇ પણ ભાગ સ્પર્શ થયા વગર રહેતો નથી.

ખરી દયા પાળે એને કોઇ પણ પાપસ્થાનક આચરવાનો પ્રસંગજ આવતો નથી, અને એનો વિકાસ નિરંતર બન્યોજ રહે છે.

'અહિંસા એ કેન્દ્ર સ્થાનિય ધર્મ છે, અને બીજા સર્વ ધર્મો, વ્રતો અને નિયમો તેના રક્ષણુ માટે છે' એવું જે સૂત્ર શરૂઆતમાં પ્રતિપાદન કરવામાં આવ્યું હતું તેમાં રહસ્ય શું છે તે હવે સમજાઇ ગયું હશે. એક સ્વદયાનો વિચાર કરે કે નિશ્ચયદયા વિચારે તો આ વાત ખરેખરી છે એમ જણાયા વગર રહે તેમ નથી; અને જૈનહૃદય માટે શું લખવું ? અત્યારના મોટા ભાગના જૈનોના વર્તન કે દૃઢ નિશ્ચયની વાત ન કરીએ તો જે વિશાળ આદર્શ શાસ્ત્રકારે બતાવ્યું છે અને જે વાતો કહી છે તેના ઉંડાણુમાં ઉતરતાં હર્ષનાં આંસું આવે તેમ છે. એવા સાત્વિક મુમુક્ષુઓના માર્ગજ જુદા હોય, એના રસ્તાજ જૂદા હોય, એની ભાવના અનેરી હોય, એનું વર્તન આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું પણ સાદું, સરળ અને આકર્ષણીય હોય.

વર્તમાન કાળમાં દયાનો ઉપદેશ થાય છે-વિચારો જણાવાય છે તે પ્રત્યેકને કયા વિભાગમાં મૂકવા, વિકાસક્રમમાં એને કયું સ્થાન આપવું તે વિચારવાને માટે અત્ર પૂરતો ખોરાક આપવામાં આવ્યો છે. મેં આ લેખમાં કેટલીક વાતો મારા ક્ષયોપશમ પ્રમાણે બેસાડી છે પણ મુદ્દાનો લેખ તો આધાર સાથેજ લખ્યો છે. એનો આશય શુદ્ધ સત્યને બહાર લાવવાનો છે તે લક્ષ્યમાં રાખવા, ભૂલ માટે ક્ષમા આપવા અને આદરણીય વિભાગનો સાચો ઉપયોગ કરવા અભ્યર્થના છે.

મૌક્તિક.

# આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિક જીવન.

(૧૪)

## (જૈનતીર્થો ને અન્યતીર્થોનું વર્ણન, પરિસ્થિતિ, મુકાબલો, જૈનતીર્થોની શ્રેષ્ઠતા.)

આજ આપણાં તીર્થસ્થાનોનો વિચાર કરીએ. તીર્થસ્થાનોની ઉપયોગિતા સહેજે સમજાય તેમ છે. મનુષ્યનાં વસતિસ્થાનોમાં મંદિર વિશ્રાન્તિસ્થાન ગણાય, છતાં ચોતરફ મનુષ્યોની વિવિધરંગી પ્રવૃત્તિથી ઘેરાયલું મંદિર જોઇએ તેટલી વિશ્રાન્તિ આપી ન શકે; આપણો ભક્તિભાવ જોઇએ તેટલો ઉલ્લસાયમાન થઈ ન શકે, અને આધ્યાત્મિક આનંદ પણ પૂર્ણાંશે પ્રાપ્ત થઇ ન શકે. આ ઉનતાઓ-અપૂર્ણતાઓ-દૂર કરવા માટે તીર્થસ્થાનોની યોજના કરવામાં

આવી છે. દરેક ધર્મને મંદિરો ઉપરાંત તીર્થસ્થાનો હોય છે. મનુષ્ય ઘરની કે દ્રવ્યોપાર્જનની ઉપાધિથી મુક્ત થઈને થોડા દિવસ તીર્થસ્થાનોમાં ગાળવા ઇચ્છા કરે છે. તીર્થસ્થાનમાં આવી ધર્મશાસ્ત્રોમાં વિહિત કર્યો હોય તેવો શુદ્ધ જીવનવ્યવહાર ગ્રહણ કરી પોતપોતાના ઈષ્ટદેવની અને તેટલી ભક્તિ કરે છે, અને યથાશક્તિ આત્મશ્રેય સાધે છે. જે જે સ્થળોને તીર્થ તરીકે સ્વીકારવામાં આવે છે તે તે સ્થળો તે તે ધર્મના અગ્રણી મહાપુરૂષોના જીવનચરિત્ર સાથે ઘણુંખરૂં થોડો ઘણો સંબંધ ધરાવતા હોય છે અને તેના ઉપરજ તીર્થની મહત્તાની ઘણુંખરૂં પ્રતિષ્ઠા થાય છે. ખ્રીસ્તી લોકોને નાનાં તીર્થો તો ઘણાય છે પણ જેરૂસેલમ તો સૌ કોઈને જાણીતું છે. આ સ્થળે મહાપુરૂષ ક્રાઈસ્ટને ક્રોસ ઉપર લટકાવવામાં આવેલ. મુસલમાનોનાં મક્કા અને મદીના પણ સુપ્રસિદ્ધ છે, જેનો મહમદના જીવનચરિત્ર સાથે રહેલો બહુ નિકટનો સંબંધ સૌ કોઈને જાણીતો છે. હિંદુઓમાં તીર્થસ્થાનોની સંખ્યા તેમજ મહિમા સૌથી વધારે લાગે છે અને તે ઘણે અંશે મૂર્તિપૂજાના વિશેષ પ્રચારને આભારી હોય એમ જણાય છે. જૈનો પણ આ વિષયમાં એટલુંજ અભિમાન લઈ શકે તેમ છે. દરેક ધર્મની બાહ્ય સંપત્તિ ત્રણ વસ્તુઓથી આંકી શકાય, તે ધર્મના અનુયાયીઓ, મંદિરો અને તીર્થો. અનુયાયીની સંખ્યામાં હિંદુઓ ચઢી જાય પણ મંદિરો તથા તીર્થસ્થાનોમાં અનુયાયીની સંખ્યા ઉપરથી પ્રમાણ કાઢતાં જૈનો આગળ વધે એ નિઃસંશય છે. હિંદુઓનાં મુખ્ય તીર્થસ્થાનો કાશી, મથુરા, ગયા, દ્વારિકા, જગન્નાથપૂરી, શ્વેતબિંદુ રામેશ્વર, હરદ્વાર, પ્રયાગ, પંઢરપુર, નાશિક, કન્યાકુમારી, અને આવાં બીજા અનેક છે. હિમાલયમાં બદ્રીનાથ, કેદારનાથ, જમ્નોત્રી, ગંગોત્રી, કૈલાસ, માનસરોવર, અને અમરનાથ સુપ્રસિદ્ધ છે. નેપાલમાં પણ પ્રજાપતિનાથની યાત્રાનું સ્થાન છે. મદ્રાસ ઇલાકામાં બીજા અનેક તીર્થસ્થાનો છે. જૈનોનાં મુખ્ય તીર્થસ્થાનોમાં શિખરજી, ગિરનાર, આબુ, શત્રુંજય, તારંગાજી વિગેરે ગણાય. સામાન્ય તીર્થસ્થાનો તો અનેક છે. ઉપર જણાવેલાં તીર્થસ્થાનોમાં કેટલાંક તે તે ધર્મના મહાપુરૂષોનાં ચરિત્ર સાથે જોડાયલાં હોય છે અને કેટલાંક અન્ય કારણો અને સંયોગોની અનુકૂળતાએ ઉભાં થયાં છે. શિખરજી વીશ તીર્થંકરની નિર્વાણભૂમિ ગણાય છે. ગિરનાર સાથે ભગવાન્ નેમિનાથનું જીવનચરિત્ર ગુંથાયેલું છે. શત્રુંજય ભગવાન ઋષભદેવનું અતિ પ્રિય સ્થાન હતું એમ કહેવાય છે. પાવાપુરી મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ તરીકે સુપ્રસિદ્ધ છે, આબુ કે તારંગાજીની તીર્થસ્થાન તરીકે પ્રતિષ્ઠા થવામાં આવો કોઈ વિશિષ્ટ વ્યતિકર ધ્યાનમાં નથી. આમ છતાં સામાન્ય રીતે તીર્થસ્થાનોને ધર્મના નેતા પુરૂષો સાથે ઘણો

સંબંધ હોય છે એમ કહેવું યુક્તિપુરઃસર ગણાય.

હિંદુ તેમજ જૈન ઉભયનાં તીર્થસ્થાનો બહુ સુંદર હોય છે, છતાં જૈનોનાં મુખ્ય તીર્થ એક રીતે વૈષ્ણવોથી બહુ જુદા પડે છે, તે બાબત સમજવા જેવી છે. હિંદુઓના ઘણાંખરાં તીર્થો સમુદ્ર અથવા નદિના કિનારે હોય છે. દ્વારિકા, સેતુબંધ રામેશ્વર તથા જગન્નાથપુરી સમુદ્રતટ ઉપર આવ્યાં. ગયા, કાશી, મથુરા, હરદ્વાર ગંગા અથવા યમુનાના તટ ઉપર આવ્યા. જૈનોનાં મુખ્ય તીર્થો ટેકરા ટેકરી કે પર્વતમાં ગોઠવાયલાં છે. શિખરજી, આબુ, તારંગાજી, ગિરનાર, શત્રુંજય વિગેરે. આમ બનવાનું કારણ શું ? આનું મૂળ કારણ પ્રત્યેક ધર્મની ભિન્ન ભિન્ન ભાવનાઓમાં રહેલું છે. 'તીર્થ' શબ્દ મૂળ સંસ્કૃત 'તૄ' ઉપરથી ઉદ્ભવ્યો. તીર્થને તરવા સાથે એટલે પાણી સાથે બહુ સંબંધ છે. વૈષ્ણવ બ્રાહ્મણોમાં કેટલાક જળાશયોને ' તીર્થ ' કહેવામાં આવે છે. વૈષ્ણવ તેમજ બ્રાહ્મણોમાંના ધર્મવ્યવહારમાં સ્નાનને બહુ અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. ગંગામાં સ્નાન કર્યે સર્વ પાપથી મુક્ત થવાય છે, એમ હિંદુઓ માને છે. ધનુષ્કોટીમાં સ્નાન કર્યે ભવોભવના પાપ છુટે એમ તેઓ સમજે છે. પ્રયાગ માત્ર ગંગા યમુનાના સંગમસ્થાનના અંગેજ તીર્થસ્થાન બન્યું છે. કાશીમાં કાશીવિશ્વનાથની પૂજાની જેટલીજ અગત્યતા મણિકર્ણીકા ઘાટમાં સ્નાન કરવાને અપાય છે. તેઓમાં સ્નાન સાથે ધર્મક્રિયાઓ બહુ ગાઢ સંબંધ ધરાવે છે. દેહશુદ્ધિ વિના બધું ખોટું એવી તેઓની માન્યતા છે. જૈનનું દષ્ટિબિન્દુ જુદું છે. પહેલાં તો ' તીર્થ ' શબ્દનો સ્થૂળ ભાવ દૂર કરી સુક્ષ્મ અર્થને તેઓ આગળ ધરે છે. તીર્થ એટલે તારે--સંસારભ્રમણથી મુક્ત કરે તે, પણ સંસારસાગર તરવામાં કંઇ પાણીની જરૂર ન જ ગણાય. સામાન્ય હિંદુધર્મ અને જૈનધર્મનું સ્વરૂપ વિચારીએ તો માલુમ પડે છે કે હિંદુઓ દેહશુદ્ધિ ઉપર જેટલો ભાર મૂકે છે, તેટલોજ ભાર જૈનો દેહદમન ઉપર મૂકે છે અને આજ કારણથી જૈનો તીર્થસ્થાનો પસંદ કરવા માટે ટેકરાટેકરી તરફ વધારે આકર્ષાયા છે. આત્મશુદ્ધિ માટે અથવા તો પરમાત્માની પરમ ભક્તિ સાધવા માટે ચિત્ત નિર્મળ થવાની જરૂર છે અને ચિત્તની નિર્મળતા દેહકષ્ટ, દેહદમન સિવાય પ્રાપ્ત થવી અશકય છે. શરીરતપને–દેહદમનને આત્મપ્રગતિ સાધવાના ઉપાયોમાં જૈનધર્મ સવિશેષ સ્થાન આપે છે. પૂર્વ કાળના મુનિવરો પર્વતો ઉપર આવી અનશન અંગીકાર કરતા એવી અનેક કથાઓ જૈન કથાનુયોગમાંથી મળી આવે છે. એ તો નિર્વિવાદ છે કે શરીરને દમવાના સમયે સમયે પ્રસંગો આવે તો શરીર કસાય અને ઇન્દ્રિયસંયમ સધાતો રહે; પર્વતોમાં ફરવાનું હોય એટલે જાતજાતની અગવડતા અનુભવવાનો

પ્રસંગ મળે અને બહુ ઓછી વસ્તુઓથી ચલાવી લેવું પડે, તેથી જીવન એની મેળે બહુ સાદું અને પવિત્ર થઇ જાય. આ તો પર્વત ઉપર તીર્થસ્થાનો હોવાના બાહ્ય લાભ ગણાવ્યા; પણ આ ઉપરાન્ત તીર્થસ્થાનનો મુખ્ય આશય સાંસારિક જીવનની ઉપાધિઓથી શ્રમિત થયેલા આત્માને અપૂર્વ શાન્તિ આપવી તે છે અને તે તો પર્વત ઉપરનાં જેટલો અન્યત્ર સિદ્ધ થઇ શકેજ નહીં.

તીર્થસ્થાન ગિરનાર કે શિખરજીમાં ફરતાં જે શાન્તિ આનંદ અનુભવાય છે અને આત્મા જે પ્રકારના ઉન્નત ભાવોમાં વિચરવા માંડે છે તેવો અનુભવ કાશીમાં ગંગાતટ ઉપર કે મથુરાના યમુના તટ ઉપર થવો અશકય છે. જયાં સામાન્ય જનતાનો ઘોંઘાટ ન પહોંચતો હોય, જયાં લોકપ્રવૃત્તિનો ખળભળાટ જરા પણ નજરે પડતો ન હોય, જયાં સંસારનો મલીન વ્યવહાર કશો પણ અવકાશ પામતો ન હોય ત્યાં સહેજે ચિત્ત ચિન્તાનિવૃત્ત બને, મન શુદ્ધ અને પવિત્ર બને અને આત્મા ઉન્નત ઉર્ડ્ડયન કરવા માંડે. આ પૃથ્વીતળ ઉપર પર્વતો દિવ્યતાનાં–સ્વર્ગીયતાનાં ધામ છે. એટલાજ માટે શંકરને કૈલાસવાસી કલ્પવામાં આવ્યા છે. એટલાજ માટે સર્વ સિદ્ધોને ચૌદ રાજલોકના શિરોભાગમાં આવેલ સિદ્ધશિલા ઉપર વસતા હોવાનું શાસ્ત્રોમાં કથન છે. કુદરત પર્વતો ઉપર સ્વતંત્રપણે રમણ કરે છે અને કુદરતનાં સ્વતંત્ર રમણો ચાલી રહ્યાં હોય ત્યાંજ આત્મા પરમાત્માની ઝાંખી કરે છે. આ પ્રમાણે પર્વત ઉપર તીર્થસ્થાનો નિર્મિત થવાથી દેહદમન થાય અને તેના પરિણામે મન નિર્મળ-નિર્વિકારી બને, નિસર્ગ સાન્નિધ્ય સધાય અને તેને પરિણામે ચિત્ત પ્રફુલ્લ બને અને આત્મા અપૂર્વ આનંદ અનુભવવા માંડે; અપ્રતિહત શાન્તિ પ્રાપ્ત થાય અને તેથી આત્માને સ્વરૂપસાક્ષાત્કાર સુલભ બને. વૈષ્ણવ અને બ્રાહ્મણોનાં કેટલાંક તીર્થો લોકોની ધમાલથી દૂર લગભગ નિર્જન સ્થાનોમાં આવેલાં છે. ત્યાં જવાથી તો જરૂર આત્મા શાન્તિ પામે અને તીર્થની ભાવનાઓ સિદ્ધ થાય; પણ કેટલાંક તીર્થો તો મોટા શહેરોમાંજ નિર્માયલા છે. આ તીર્થોની પરિસ્થિતિ વિચારતાં એમજ લાગે કે આ બધાં તો નામનાજ તીર્થસ્થાનો છે. કાશી, ગયા કે મથુરા હિંદુઓનાં મોટાં ધામ ગણાય, પણ આ સ્થળો તો જોયાં કરતાં ન જોયાં ભલાં. તીર્થમાં લોકો આવે તે પાપ મૂકવા સારૂ–તેને બદલે પાપોનો સમૂહ એકત્રિત થવાને આ શહેરો સરજાયાં ન હોય એવાં આ સ્થાનો લાગે. આ તીર્થોમાં કાંઇ તીર્થત્વજ દેખાય નહિ. આ તીર્થોમાં આપણને તારનાર પંડ્યાઓ તો પાપમૂર્તિ નરપશુઓજ લાગે. કેટલાક ભોળા યાત્રાળુઓનો આ પંડ્યાઓને હાથે નિરંતર શિકાર ચાલ્યાજ કરતો હોય. આખું વાતાવરણ ગંગાસ્નાન, ક્રિયાકાંડ અને ભોજનદાનનાં ગુંચળાંઓથીજ ભરેલું, અનીતિ

પણ એટલાજ પ્રમાણમાં વ્યાપી રહી લાગે. કોઇ પણ શહેર તીર્થ બની શકેજ નહિ. આ સંબંધમાં જૈનોએ અતિ સ્તુત્ય દીર્ઘ દૃષ્ટિ વાપરી છે. જનસમાજની દરેક સંસ્થા લાભ અને ગેરલાભથી ભરેલી હોય છે. આમાં શિષ્ટ પુરૂષોનું કર્તવ્ય એ છે કે તે તે સંસ્થાઓની ઘટના એવી રીતે કરવી કે તે સંસ્થાના લાભ સમાજ વધારે પામે અને ગેરલાભ જેમ બને તેમ ઓછા થાય. જેવી રીતે મૂર્તિપૂજા અને મંદિરની સંસ્થાની આસપાસ લાભ તેમજ ગેરલાભ વીંટળાયલા છે, તેવીજ રીતે તીર્થોના સંબંધમાં પણ લાભ ગેરલાભનું એવુંજ મિશ્રણ જોવામાં આવે છે. એક રીતે તીર્થો આત્મભક્તિનો આવિર્ભાવ કરવાનાં અસાધારણ નિમિત્ત લેખાય અને આત્મશાન્તિ મેળવવાનાં અનન્ય સાધન ગણાય, તો બીજી રીતે આજ તીર્થો અનેક દુષ્ટ સ્ત્રી પુરૂષોને એકઠા થવાનું સંગમસ્થાન બની જાય અને આપણને કમકમાટી ઉપજે એવા દુરાચાર તીર્થસ્થાનોમાં બનતા આપણા સાંભળવામાં આવે. પંઢરપુર કે મથુરા અનેક હિંદુ વિધવાઓનું આશ્રયસ્થાન છે, એ કોને અજાણ્યું છે? આવી બદીઓની જાણે કે પહેલાંથીજ કલ્પના થઇ હોય એમ જૈનાચાર્યોએ તીર્થસ્થાન માટે મૂળથી પર્વતની વિશેષ યોગ્યતા ગણી છે. સપાટ જમીન ઉપરથી પર્વત ઉપર તીર્થ જાય એટલે તીર્થનો પણ સ્વાભાવિક રીતે ઉદ્ધાર થતો લાગે છે. આ વાત અનુભવ સિદ્ધ છે. જે બદીઓ સપાટ જમીન ઉપરનાં તીર્થોમાં ફેલાયલી જોવામાં આવે છે તે સર્વ પર્વત ઉપરના તીર્થસ્થાનોમાં લગભગ અદૃશ્ય થતી જોવામાં આવે છે. આથીજ જૈનોનાં તીર્થસ્થાનો અન્યનાં તીર્થસ્થાનો કરતાં વધારે ચોખ્ખાઇ અને પવિત્રતા જાળવી રહ્યા છે. કાશી કે મથુરામાં ફરતાં આત્મા ગુંગળાય છે; ઉન્નતિ પામવાની વાત તો દૂર રહી! શત્રુંજય ગિરનારનાં શિખરોમાં વિચરતાં આપણે ત્યાં વ્યાપી રહેલી પવિત્રતાનો સુન્દર અનુભવ કરીએ છીએ. આવી ઘટના સામાન્ય દીર્ઘદૃષ્ટિનો વિષય ન ગણાય. અહિં ન્યાયની ખાતર જણાવવુંજ જોઇએ કે હિંદુઓનાં પણ જે જે તીર્થો પર્વતોમાં આવી રહેલાં છે તે સર્વ જૈન તીર્થસ્થાનો જેવીજ ઉત્કૃષ્ટતા ધારણ કરી રહ્યાં છે.

આ તો હિંદુના અને જૈનોના મુખ્ય તીર્થોનો વિશેષ ધર્મ વર્ણવ્યો, પણ ઉભયનો સમાન ધર્મ પણ વિચારણીય છે. વૈષ્ણવોની માફક જૈનોના પણ કેટલાંક તીર્થો સપાટ જમીનપર આવેલાં છે. દાખલા તરીકે પાવાપુરી, રાણકપુર, ભોયણી, ચંપાપુરી વિગેરે. પણ આ બધાં તીર્થો બહુ વસતિવાળા શહેરમાં આવેલાં નથી, તેથી કાશી મથુરાની બદીઓથી લગભગ મુક્ત રહ્યાં છે. આ બધાં હિંદુ તેમજ જૈનોનાં તીર્થોનો સમગ્ર રીતે વિચાર કરતાં એક વાત સહજ માલુમ પડી આવે છે કે તીર્થસ્થાનોનું નિર્માણ ઘણું કુદરતી સૌન્દર્યથી

ભરેલા પ્રદેશમાં થયેલું હોય છે નિસર્ગના વિહારસ્થાનો આ જગતમાં નદી, સમુદ્ર અને પર્વત ગણાય. ઉપર જણાવેલાં સર્વ તીર્થસ્થાનો લગભગ નદી, સમુદ્ર અથવા પર્વતનો આશ્રય કરી રહેલાં જણાય છે. કુદરતી સૌન્દર્ય ભક્તિભાવ વિકસાવવામાં-પ્રગટ કરવામાં અનન્ય સહાય આપે છે, એ દરેક ધર્મના મહાપુરૂષોને અવશ્ય પ્રતીત થયેલું અને તેથી દરેક તીર્થસ્થાન પણ તે તે સ્થળના કુદરતી સૌન્દર્ય ઉપર ખાસ નજર રાખી નક્કિ કરવામાં આવેલું જણાય છે. આ નિસર્ગ રમણીયતાને અંગે તીર્થસ્થાન જેટલું આત્માને આલ્હાદક હોય છે, તેટલુંજ આરોગ્યનું આવાહક બને છે. હિમાલયમાં આવેલ સર્વ તીર્થસ્થાનોની રમણીયતાનું તો વર્ણનજ કેમ થઇ શકે ? બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, જન્મોત્રી, કૈલાસ અને માનસ સરોવર—આ હિમાલયનાં મુખ્ય તીર્થસ્થાન—આ સૌન્દર્યને મૂર્તિમન્ત કરી રહેલ પ્રદેશો તો સુભાગી હોય તે જોવા પામે ! કાશ્મીરમાં આવેલ અમરનાથની રમણીયતા તેમ અદ્ભૂતતા અનુપમેય ગણાય છે. અમરનાથનું તીર્થ એટલે મોટાં શિખરોવાળું ભવ્ય મંદિર નહિ, પણ બરફથી ઢંકાયલા શિખરો વચ્ચે આવેલ એક વિશાળ ટેકરી ઉપરની પાંચેક હજાર માણસો સમાવે તેવી વિશાળ ગુફામાં માત્ર બરફનું સ્વાભાવિક સદાકાળ એક સરખું દેખાતું મોટું શિવલિંગ; શંકરનો પરમ ભક્ત અહિં શંકરનો સાક્ષાત્કાર કરે. હિમાલયની તળેટીમાં આવેલ હરદ્વારમાં અનવરત નાદથી ખળખળ વહેતી ધવળ ગંગાનો રણકાર કેટલાય વર્ષો પહેલાં સાંભળેલો છતાં હજુ ભૂલાતો નથી. ગયા ફલ્ગુ નદીના કિનારે સુન્દર લાગે છે. અહિં વધારે સુન્દર તો બુદ્ધગયાનું સ્થળ છે કે જ્યાં ભગવાન બુદ્ધને પરમજ્ઞાન થયાનું કહેવાય છે. કાશીમાં કંટાળો આવે એવું ઘણું છતાં ગંગાતટની મનોહરતા અનુભવી કોઈ પણ આત્મા આનંદ પામ્યા વિના ન રહે. પ્રયાગમાં સંગમસ્થાનની રમણીયતા અવર્ણનીય છે. મથુરા તો બહુ ગમે એવું નથી; પણ સાયંકાળે ઉતરતી યમુનાની આરતીનું દૃશ્ય ભૂલાય તેવું નથી. જગન્નાથપુરી જે કોઇ જાય તે ત્યાંના ભવ્ય મંદિરના બિભત્સ કોતરકામ જોઇ જેટલો દુઃખ પામે છે તેટલોજ સમીપમાં પૂર્વ દિશાએ આવેલ વિશાળ નીલવર્ણો ઉદધિ ગાજતો સાંભળી વિરામ પામે છે. ત્યાંના સમુદ્રપટની સુન્દરતા સુવિખ્યાત છે. નાશીક આગળ ગોદાવરી, પંચવટી, પાંડવગુફા વિગેરે બહુ રમ્ય સ્થાનો છે. વેરાવળથી કંટાળેલો માણસ પ્રભાસ પાટણ આવી શાન્તિ અને આરામ પામે છે. દ્વારિકા નજરે જોયું નથી પણ દૂરથી તો મનોહર લાગેલું. એકદમ નીલવર્ણ ભૂરા સમુદ્રપટ ઉપર આવેલ સુન્દર બેટ ઉપર દ્વારિકાધીશનું ભવ્ય મંદિર ઉંચા શિખરવડે આકાશને ચુમી રહેલું દૂરથી નજરે પડે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં

પણ શ્રીરંગમ્ કાવેરીથી વીંટળાયેલું અજબ શોભા ધારણ કરી રહેલ છે. કન્યા-કુમારીની પવિત્રતા કે મનોહરતા વર્ણવી જાય તેમ નથી. ત્રણે બાજુએ મહોદધિથી વીંટળાયેલ ભારતવર્ષના આ છેડાની અણી ઉપર આવેલ બેઠાઘાટનું કન્યા-કુમારીનું સુન્દર મંદિર સર્વ પથિકો ને મુસાફરોને નમાવે છે, રામેશ્વર ધનુષ્કોટિ પણ એવાજ ચિત્તાકર્ષક છે. રામેશ્વરનો ટાપુ નાનકડાં સ્વર્ગસ્થાન જેવો લાગે, આવાં રમણીય સ્થળોમાં ફરવાથી આત્મા વિશાળ બને અને ઇશ્વરભક્તિમાં તલ્લીન થાય.

આવીજ રીતે આપણાં જૈનતીર્થોની રમણીયતા પણ વર્ણવી જાય તેમ નથી. રમણીયતાની દૃષ્ટિએ શિખરજીનું તીર્થ અદ્વિતીય સ્થાન ભોગવે છે. જો કે શાસ્ત્રોમાં શ્રી શત્રુંજયને સર્વોત્કૃષ્ટ તીર્થ તરીકે લેખ્યું છે પણ હું તો શિખરજીથી એટલો બધો મુગ્ધ થઇ ગયો છું કે ધાર્મિક દૃષ્ટિએ પણ શિખરજીને પ્રથમ પદ આપવા લલચાઉં. શિખરજી વીશ તીર્થંકરની નિર્વાણભૂમિ છે. આ મારે મન શિખરજીની ઉત્કૃષ્ટતા સ્થાપવા માટે પૂરતું ગણાય; અને શિખરજીની સાદાઇ છતાં અનુપમેય સૌન્દર્ય જૈનોનાં બીજાં કયા તીર્થસ્થાનોમાં છે ? શિખરજી હિમાલયનોજ કટકો લાગે છે. શિખરજી અમે શિયાળામાં ગયેલા; શિખરજીના પહાડ પર થોડે ચઢતાં નાના મોટા જળપ્રવાહો અને ઝરાઓનું સંગીત સંભળાવા માંડે છે. તેનું પ્રિય સ્મરણ વર્ષો જાય તોપણ સ્મૃતિપટ ઉપરથી ભુંસાય નહિ. આખો પર્વત વૃક્ષોની ઘનઘટાથી છવાયલો છે; અને ઉપર જતાં જુદી જુદી ટેકરીઓના શિખર ઉપર પ્રભુની પાદુકા સિવાય બીજું કાંઇ ન મળે. નથી ત્યાં ઘી બોલવાની ધમાલ કે પૂજા આરતી કરનારાની હુંસાતુંસી અને પાર્શ્વનાથની ટેકરી ઉપરનું દૃશ્ય વર્ણવા માટે તો કવિજ બનવું જોઈએ. ચોતરફ કેટલાય માઇલો સુધી દૂર દૂર દૃષ્ટિ પડે છે અને નદીઓ, મહાનદીઓ, સરોવરો નજરે ચઢે છે. કોઈ અમૃત પીતાં ધરાય પણ ત્યાંનો દિવ્ય આનંદ ઝીલતાં તો કોઇ તૃપ્તિ ન પામે. ત્યારપછીનું સ્થાન કોઈ આબુને આપે પણ હું તો ગિરનારને આપવા લલચાઉં ! ગિરનારના મંદિરો સુન્દર છે પણ મારૂં મન તો સહેસાવનમાં ઠરે; ત્યાં અપ્રતિહત શાન્તિનો ભંગ કરવાનો માત્ર વડવાનરોનેજ અધિકાર છે. એ સ્થળજ એવું લાગે કે સુભાગ્યની ઘડી હોય અને આત્મા શુભ પરિણામની શ્રેણીએ ચઢે તો જરૂર કેવળજ્ઞાન પામે. દત્તાત્રયની ટેકરી (પાંચમી ટુંક) કુદરતની ભીષણતાનો અને મનુષ્યની પામરતાનો એકદમ ખ્યાલ આપે છે. ભગવાન નેમનાથનું મંદિર સરસ છે. પણ મૂર્તિ તો અમીઝરા પાર્શ્વનાથની. ત્યાં મારા જેવો જૈન તો ભક્તિભાવ અનુભવે પણ જૈનેતર મિત્રોને પણ ભક્તિભાવથી પુલકિત થતા જોયા છે. આ પર્વતમાં કુદરતનું ચાંચલ્ય વિશેષ જોવામાં આવે છે અને તેથીજ મને ગિર-

નાર વધારે મોહક લાગે છે. ગિરનાર સર્વ ધર્મોનું તીર્થ છે, જેના ભાગ્યમાં હિમાલય જવાનું ન હોય તેણે ગિરનાર ફરી સંતોષ માનવો. ગિરનારથીજ સૌરાષ્ટ્રની શોભા છે. આબુ પણ સુન્દર સ્થાન છે, ત્યાંનાં મંદિરોની કોતરણી આખા જગતની મોહિની છે. આબુનાં મંદિરોની કોરણી પ્રાચીન હિન્દી શિલ્પની પૂર્ણ સ્થિતિની દ્યોતક છે, અને વિવિધ પ્રકાના આકૃતિ નિર્માણો કરવાના વિષયમાં આપણા કારીગરોની અદ્વિતીયતા સિદ્ધ કરે છે. અવિચળગઢ આબુનાં સ્મરણોમાં અચળ સ્થાન લે છે. તેની બાજુમાં આવેલ તારંગાજીની ટેકરી નાની છતાં મને બહુ મોહક લાગી. અજીતનાથજીના મંદિરની ભવ્યતા બહુ ઓછાં જૈન મંદિરોને વરી છે. શ્રી શત્રુંજયનો મહિમા જૈન ભાઇઓમાં અપાર છે. જેવી રીતે પ્રાણીઓ નામકર્મ બાંધે છે તેવી રીતે પર્વત, નદી કે સાગર જેવાં જડ પ્રદેશો નામકર્મ બાંધતા હોય તો શત્રુંજયને હું મોટું નામકર્મી તીર્થ કહું. આ કહેવાનો આશય એટલો કે સૃષ્ટિસૌન્દર્યની દૃષ્ટિએ વિચારીએ તો શત્રુંજયનો જે મહિમા છે તેની યોગ્યતા શંકાસ્પદ બને, પણ બાલ્યકાળથી પોષાતા વિચારસંસ્કારોને લીધે શત્રુંજય તરફ આપણને સ્વાભાવિક આકર્ષણ રહે છે, શત્રુંજય પર્વત લગભગ રૂક્ષ છે, છતાં દૂરથી શત્રુંજયનું દૃશ્ય જેટલું મોહક લાગે છે તેટલું અન્ય કોઇ તીર્થનું લાગતું નથી. ગિરનાર દૂરથી જોઈને માણસ ભય પામે; પણ હાથી ઉપર અંબાડી હોય અથવા તો મહારાજાધિરાજ મુગટધારી બેઠેલ હોય તેવો મંદિરોનાં શિખરોથી વિભૂષિત મુખભાગવાળો શત્રુંજય શોભી રહેલ છે. શેત્રુંજી નદીથી પરિવેષ્ટિત શત્રુંજય કૈવલ્ય લક્ષ્મીથી પરિવેષ્ટિત આદીશ્વર ભગવાનની તપોભૂમિ તરીકે સર્વ જૈનોના હૃદયને નિરંતર આકર્ષે છે. ઉપર ચઢતાં એમ થાય કે શત્રુંજય આટલો બધો રૂક્ષ ન હોત તો કેવું સારૂં થાત ? પણ કુદરતની એટલી કૃપા ઓછી તેની ફરિયાદ ક્યાં થાય ? આ રૂક્ષતાથી જ કોઇ કંટાળે તેને ઉપર પહોંચતાં પૂરો બદલો મળે છે. શ્રી શત્રુંજયને મંદિરોનું નગર કહેવામાં આવે છે તે યથાર્થ છે. આટલી ઉંચાઇએ આવા મંદિરોનો સમુદાય હિંદુસ્થાનમાં કોઇ ઠેકાણે નથી અને તેથી તે રીતે આપણા દેશના તીર્થોમાં શત્રુંજયનું વિશિષ્ટ સ્થાન સુગમ્ય છે.

"ઉજ્જવલ જિનગૃહ મંડળી, તીહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ વિભ્રમે, આઈ અંબરગંગા."

આ પ્રમાણે કવિનું વર્ણન ત્યાંના ધવળ મંદિરોમાં જે કોઇ વિચરે તેને યથાર્થ લાગ્યા વિના ન રહે.

આ તો પર્વત ઉપરના તીર્થસ્થાનોની વાત થઇ, પણ જમીન ઉપરનાં તીર્થસ્થાનો પણ એવાંજ રમણીય છે. આમાં પ્રથમ પંક્તિએ પાવાપુરી મુકાય. પાવાપુરી તે ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ. મારામાં મંદ લાગતું જૈનત્વ

આ સ્થળના સંસર્ગે વિશેષ સચેત કરેલું. બિહાર નામના ગામથી ચાર માઈલ દૂર એકાંત નિર્જન સ્થાનમાં કાદંબરીના અચ્છોદ સરોવરનું સ્મરણ આપતા વિશાળ જળાશય વચ્ચે બેઠા ઘાટના નાના મંદિરમાં ભગવાન મહાવીરની ચરણપાદુકા–તે પાવાપુરીનું તીર્થ. આ સરોવર વિકસિત કમળોથી ભરેલું હોય છે. દૂર રાજગૃહીનાં ડુંગરા દેખાય છે, આ મંદિરના એકાદ ગોખમાં બેસી પૂર્વ દિશાએ ઉદય પામતા સૂર્યનાં કિરણોનું સરોવરજળ ઉપર સુન્દર નૃત્ય જોયેલું અને પરમ આનંદ અનુભવેલો. બીજી કલ્યાણકભૂમિઓ પણ એવીજ મનોહર ગણાય છે. ભગવાન મહાવીરને જ્યાં કેવળજ્ઞાન થયેલું તે ઋજુવાળુકાના તટનું સૌન્દર્ય ભૂલાય તેમ નથી. આવા સ્થળોમાં ફરીએ નહિ ત્યાં સુધી તીર્થંકર ભગવાનની વિભૂતિઓનો અન્તરમાં સાક્ષાત્કાર થવો અશક્ય છે. ગંગાતટ ઉપર આવેલ ભદૈનીનું તીર્થ પણ જોવા જેવું છે. કાશીવિશ્વનાથના મંદિરથી કંટાળેલો અહીં આવે તો જરૂર શાન્તિ પામે. રાણકપુર તો અદ્ભૂતજ છે. ગાઢ અરણ્યમાં કોઈ સમાધિસ્થ જટાધારી યોગી બેઠા હોય તેવું રાણકપુરના મંદિરનું ચારે બાજુ આવેલ ભીષણ ટેકરા ટેકરી વચ્ચે પ્રતિષ્ઠાન છે. આ મંદિર જેટલું એકે બીજું જૈન મંદિર વિશાળ નથી, છતાં આ મંદિરમાં દક્ષિણ હિંદુસ્થાનના મંદિરોમાં અનુભવાતી ભીષણતા નથી. આખું મંદિર સુઘટિત અને કળાનો સુન્દર નમુનો છે, આમાંજ રાણકપુરના મંદિરનીવિશિષ્ટતા છે. નજીકમાં આવેલ ભોયણીના તીર્થનો પણ જૈનોમાં અને ખાસ કરીને જૈન સ્ત્રીવર્ગમાં બહુ મહિમા છે. ગુજરાત કાઠિયાવાડ માટે એ સ્થાન વિશ્રાન્તિસ્થાન છે. ત્યાં સારી સંખ્યામાં વસતા વાનરો યાત્રાળુઓને વિનોદનું સરસ સાધન છે. તીર્થ અર્વાચીન હોવા છતાં ઘટના સારી કરવામાં આવી છે. શંખેશ્વર પણ મનોહર સ્થાન છે. આખા મંદિરમાં સાદાઈ છતાં ભવ્યતા ભરેલી છે.

કહેવાય છે કે તીર્થોનો મહીમા અપાર–અવર્ણનીય છે. એ રીતે અહિં બધાં તીર્થોનું વર્ણન કરવા બેસીએ તો પાર ન આવે અને તો પણ એમ થાય કે વર્ણન હજુ અધુરૂં છે, એમ છતાં પણ ઉપરનાં આછાં આછાં આલેખનોથી આપણી અનેક સંસ્થાઓમાં તીર્થસ્થાનોની મનોહરતા અને મહત્તા શું છે તેની વાંચકને સારી રીતે પ્રતીતિ થાય એ આશયથી મૂળ લેખના વિષયથી જરાક બહિર્મુખ જઇ તીર્થો સંબંધી સામાન્ય વિચારો પ્રગટ કરવાનું તેમજ જુદા જુદા તીર્થો સંબંધી મને થયેલ વિચારો અને લાગણીઓનો પરિચય આપવાનું મન કર્યું છે, જે વિષયાન્તરસેવન આશા છે કે વાંચકો ક્ષમાયોગ્ય ગણશે.

આપણા જૈનતીર્થોના સંબંધમાં કળાની દૃષ્ટિએ જે ખાસ વકતવ્ય છે તેનો વિસ્તાર હવે પછીના લેખમાં કરવામાં આવશે. પરમાનંદ.

# ધર્માભિમાન.

અન્ય કોમો કરતાં જૈનકોમમાં ધર્મની ભાવનાઓ અને લાગણીઓ વધારે પ્રબળ છે, એમ જાણતાં ઘણો હર્ષ થાય તેમ છે, પરંતુ તે ધર્માભિમાનની ભાવનાઓ વા લાગણીઓને યોગ્ય રસ્તે પ્રવર્તાવવાની ખામીને લીધે આપણે જોઇએ તેટલું એમાંથી ફળ મેળવી શકયા નથી. એ લાગણીઓને યોગ્ય દિશાએ દોરવવાના અભાવે કોમની દિન પ્રતિદિન પ્રગતિ થતી જોવામાં આવતી નથી; પરંતુ ધર્મ અને તેનાં અંગો સમજીને તે લાગણીઓને યોગ્ય રસ્તે જોડવામાં આવે તો હાલ જૈનકોમ જે દશા ભોગવે છે તેના કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિ ભોગવવા તે ભાગ્યશાળી બની શકે એ સંભવિત છે. હાલ સમાજમાં ધર્મની વ્યાખ્યાનો બહુજ ટુંકાણમાં સમાવેશ કરવામાં આવે છે. ધર્મના કેટલાક નિયમો ફક્ત દેખાવરૂપે પાળવા એટલે ધર્મ થઇ રહ્યો, એમ હાલ કેટલાક માનતા હોય એમ સમાજની સ્થિતિનું નીરિક્ષણ કરતાં માલુમ પડે છે.

રાત્રિ ભોજન તથા અભક્ષ્ય ત્યાગ વિગેરે કટલાક નિયમો લીધા તથા પ્રતિક્રમણાદિ કેટલીક ક્રિયાઓ કરી તથા કેટલાક સામાન્ય વ્રત નિયમોનું પાલણ કર્યું એટલે જૈન ધર્મના અનુયાયી થવાય, અને ધર્મી પુરૂષોની ગણત્રીમાં અવાય; તથા કોઇ પુરૂષ ધર્મિષ્ટ છે કે નહિ તેની પરીક્ષા માત્ર ઉપર દર્શાવેલા કેટલાક નિયમોનું પાલન થતું તેનામાં જોવામાં આવે છે કે નહિ એટલા માત્રથીજ થાય, આવી માન્યતા ઘણે ભાગે દર્શનભૂત થાય છે; પરંતુ આટલાથીજ માત્ર ધર્મિષ્ટ થઈ શકાય નહિ વા ધર્મિષ્ટની પરીક્ષા પણ કરી શકાય નહિ. ઉપર દર્શાવેલા જૈન ધર્મના નિયમો છે તે ઘણાજ ઉત્તમ છે, આદરણીય છે, ગ્રાહ્ય છે અને બની શકે ત્યાં સુધી આચારમાં પણ મૂકવા લાયક છે, એમાં કોઇ પણ પ્રકારનો વિરોધ નથી; પરંતુ એટલા નિયમોના પાલનમાંજ ધર્મનો સમાવેશ કરવો તથા બીજી કેટલીક બાબતો કે જે એક અપેક્ષાએ તપાસતાં ધર્મનાજ અંગો માલુમ પડે છે, તેની ઉપેક્ષા કરવી એ કોઇ પણ રીતે યોગ્ય હોય એમ માની શકાય નહિ. અમુક નિયમો વા ક્રિયાઓનાજ આદરમાં ધર્મનો સમાવેશ થતો હોય એમ માનીને બીજી બાબતો કે જેની હાલ ઘણીજ અગત્યતા ભાસે છે તે તરફ દુર્લક્ષ્ય રાખવું એને યોગ્ય માનવાને મન સંકુચિતતા ધારણ કરે એ સ્વાભાવિક છે.

વસ્તુસ્થિતિ તપાસતાં એવાં કયા બીજાં કાર્યો છે કે જેની આપણને હાલ તથા સર્વદા બહુ જરૂર છે તે તપાસીશું.

બીજી બધી બાબતો કરતાં દરેક મનુષ્યે ચારિત્ર (શુદ્ધ આચરણ) તરફ

વધારે લક્ષ્ય આપવું એ અત્યંત આવશ્યક છે. વિશુદ્ધ ચારિત્ર વિના આત્માની પ્રગતિ થઇ શકતી નથી એમ દરેકે અવબોધવું. આપણે ગમે તેટલી ધાર્મિક ક્રિયાઓ કરતા હોઇએ તોપણ ચારિત્રની શુદ્ધતા વગર તે ક્રિયાઓ ઉત્કૃષ્ટ ફળ-દાયક નીવડતી નથી. ધાર્મિક ક્રિયાઓ ફળથી ગર્ભિત છે એમ માનવામાં કોઇ પણ જાતના સંશયને સ્થાન નથી, પરંતુ જ્યાં સુધી તે ક્રિયાઓ તેનું રહસ્ય સમજ્યા વગર, આત્મિક જ્ઞાન વિના, માત્ર ઓઘે કરવામાં આવે ત્યાં સુધી તે ક્રિયાઓ વાસ્તવિક ફળદાયક થતી નથી. ક્રિયાઓની અસર ચારિત્ર ઉપર થવી જરૂરની છે. વિશુદ્ધ ચારિત્ર તથા આધ્યાત્મિક જ્ઞાનના અભાવે ક્રિયા માત્રથીજ આત્મિક પ્ર-ગતિ થતી નથી. હાલના સમયમાં ચારિત્રની ખામી ઘણા મોટા ભાગે જોવામાં આવે છે, અને તેના પરિણામે સંપૂર્ણ સુખના ભોક્તા બની શકાતું નથી.

આપણે હંમેશનું આપણા હાલના સમાજનું જીવન મધ્યસ્થ દૃષ્ટિથી તપાસીશું તો ખેદ થયા વિના રહેશે નહિ. જ્યારે મનુષ્ય પ્રભુભક્તિ નિમિત્તે મંદિરમાં જાય છે, ત્યારે પ્રભુ સન્મુખ એવા ઉદ્ગારો કાઢે છે કે જેથી આપણને તે માણસની ધાર્મિક શ્રદ્ધાનું ભાન થાય છે; પરંતુ જ્યારે વ્યવહારમાં તેની નીતિ તપાસીએ છીએ ત્યારે તેનામાં શુદ્ધ સ્વરૂપે ધાર્મિક શ્રદ્ધા હશે કે નહિ ? તેવો સવાલ ઉભો થાય છે. અપ્રમાણિકપણું, અસત્યતા, ઠગાઈ વિગેરે જેનો સર્વથા અભાવ જોઇએ તે તો તે મનુષ્યની સેવામાં હાજર હોય એમ આપણે જોઇએ છીએ. આ કયા પ્રકારનો ધર્મ ? પ્રભુપૂજનાદિ ત્યારેજ કર્યું કહેવાય કે જ્યારે તે વખતે ઉદ્ભવતા ઉદ્ગારોને પળે પળે આચારમાં મૂકવા પ્રયત્ન કરીએ અથવા તેવો પ્રયત્ન કરવાને પ્રબળ ઈચ્છા વર્તતી હોય. ઉપર જણાવ્યા પ્રમા-ણેની વર્તણુક ખોટી ધર્મની દાંભિકતા ધારણ કરનારાઓમાં વિશેષે જોવામાં આવે છે. આવા પ્રકારની વર્તણુક આત્માને ઠગવા સિવાય બીજા કોઇ પણ પ્રકારની માની શકાય નહિ. અનાદિ કાળથી આત્મા અશુભ માર્ગે પ્રવર્તેલો છે, તેથી કરીને આપણું ચારિત્ર આપણે એકદમ આદર્શમય ન બનાવી શકીએ એ વાત સત્ય છે; પરંતુ તેવું બનાવવાનો પ્રયત્ન આદરી શકીએ. ચારિત્ર વગરનું જીવન કે જે ન જીવવા બરાબર છે, તેનો ત્યાગ કરી શુદ્ધ અને આદર્શમય જીવન બનાવવા પ્રય-ત્ન ન કરીએ ત્યાં સુધી આપણી ધાર્મિક ભાવનાઓને વા ધર્માભિમાનની લાગ-ણીઓને યોગ્ય સ્થાન ન આપી શકીએ. ચારિત્રની ખામીને લઇને ગમે તેટલી ધાર્મિક ક્રિયાઓ ઉત્કૃષ્ટ ફળને આપનારી ન નીવડે એમ વિચારક દૃષ્ટિએ માલુમ પડે છે. હરહંમેશ ચારિત્રશુદ્ધતા તરફ લક્ષ રાખી જીવનને આદર્શમય (Ideal life) બનાવવા રાત દિવસ પ્રયત્ન સેવી ધર્માભિમાનની લાગણીઓનો આવિર્ભાવ કરવો એજ વધારે પ્રસંશનીય છે. વિશુદ્ધ ચારિત્રને આત્માની

શુદ્ધતાનું કારણ સમજી તથા ધર્માભિમાનની લાગણીઓને પોષક અવબોધી જો પ્રગતિ કરીશું તો ઇચ્છિત વસ્તુ અલભ્ય છે એમ માનવાને કારણ મળશે નહિ.

જે ધર્મને માટે મનુષ્યને અભિમાન હોય, તેનું સંપૂર્ણ જ્ઞાન જ્યાં સુધી તે પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેનું અભિમાન યોગ્ય સ્વરૂપનું છે એમ કહી શકાય નહિ. આપણામાં જૈનધર્મનું અભિમાન ઘણું છે, પરંતુ જૈનધર્મના વિશાળ અને ઉત્તમ તત્ત્વોના જ્ઞાતા કેટલા છે ? તપાસ કરતાં પરિણામ નિરાશાજનક દેખાશે. જૈનધર્મના વિશાળ અને ઉત્તમ તત્ત્વો કે જેને લઈને અન્ય ધર્મો કરતાં તે ઉચ્ચ સ્થાન ભોગવે છે અને જે જૈનતત્ત્વોનો અન્ય કોમો પરોક્ષ વા અપરોક્ષ રીતે સ્વીકાર કરે છે તેજ જૈનધર્મના તત્ત્વોથી આપણે (જૈનો) જ જ્યારે અજ્ઞાત રહીએ ત્યારે આપણું ધર્માભિમાન કેવા પ્રકારનું હોવું જોઇએ તે દરેક જણ સ્વયમેવ કલ્પી શકે તેમ છે.

જૈનધર્મનું તત્ત્વજ્ઞાન અન્ય ધર્મો કરતાં ઘણુંજ ઉંડું અને રહસ્યપૂર્ણ છે અને તે વાત જૈન અને જૈનેતરો સર્વે સ્વીકારે છે; પરંતુ એટલું જાણીને બેસી રહેવા માત્રથી શું ? જૈન ધર્મના ગંભીર, ઉદાત્ત અને વિશાળ તત્ત્વોને જ્યાં સુધી સર્વત્ર વિશ્વમાં પ્રચલિત ન કરી શકીએ ત્યાં સુધી "વીરપુત્રો" એવા નામ માત્રથી પણ ઓળખાવાને આપણે લાયક છીએ કે નહિ એ શંકાસ્પદ છે. જૈનધર્મના તત્ત્વોનું પરિપૂર્ણ જ્ઞાન મેળવી, અન્ય ધર્મોનું પણ જ્ઞાન સંપાદન કરી તેમને આ ઉત્તમ ધર્મની ઉત્તમતા સાબીત કરી આપવા પ્રયત્ન ન સેવવામાં આવે તો આપણી ધર્મની લાગણીઓ પોલી છે, એમ કેમ ન કહી શકાય ?

અપૂર્ણ.

**લાલચંદ નંદલાલ વકીલ—વડોદરા.**

## ભાવનગરમાં પ્રતિષ્ઠા મહોત્સવ.

માગશર શુદિ ૬ મંગળવારે ગોડીજીના દેરાસર અંતર્ગત એક નવા બનાવેલા ગર્ભગૃહમાં શા. નાનાલાલ હરિચંદ નથુભાઇએ પાંચ જિનબિંબોની પ્રતિષ્ઠા ઘણા આનંદ અને મહોત્સવ સાથે કરી છે. કાર્તિક વદિ ૧૩થી અઠ્ઠાઇમહોત્સવ શરૂ કર્યો હતો. પ્રતિષ્ઠાને દિવસે શાંતિસ્નાત્ર ભણાવ્યું છે અને મોટું (નવકારશીનું) સ્વામીવાત્સલ્ય કર્યું છે. મળેલી લક્ષ્મીનો પૂર્ણ લાભ ઉદારચિત્તે દ્રવ્ય ખરચીને લીધો છે. પોતાના વડીલોની કીર્તિમાં વૃદ્ધિ કરી છે. દરરોજ નાનું મોટું સ્વામીવચ્છળ કર્યું હતું અને નવકારશીમાંથી વધેલી મીઠાઈ વડે અનેક ખાતાઓમાં તેનો વ્યય કરીને સુપાત્ર દાન તેમજ અનુકંપા દાનનો લાભ લીધો છે. અમે તેણે કરેલા શુભ કાર્યની અનુમોદના કરીએ છીએ.

# સ્ફુટ નોંધ અને ચર્ચા.

આ માસિકના અંક ૭મામાં 'શ્રી મહાવીર સ્વામીના આત્મવિકાસના લેખના પ્રારંભમાં પ્રથમ ભવમાં તેઓ કઠીઆરાના રૂપમાં હતા એમ લખેલ છે, પરંતુ તેઓ ગ્રામચિંતક એટલે નાના ગામેતી—ગામના માલેક હતા, એમ હકીકત મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ સૂચવે છે, તે ઉપર વાંચકોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

* * * *

તીર્થસ્થળોએ વિધવા સ્ત્રીઓને ખુણો મૂકાવવા માટે આવવાનો રિવાજ, એ નિમિત્તે તીર્થયાત્રાનો લાભ લેવાય અને અપાય એ હેતુથી શરૂ થયેલો છે. તેનું પરિણામ જો સારા ખાનપાનની આસક્તિમાં અને વગર શક્તિવાળી અથવા અલ્પ શક્તિવાળી વિધવાઓને તે નિમિત્તે ખર્ચના બોજામાં ઉતારી જીંદગીના સાધનમાં ઘટાડો કરવામાં આવ્યું હોય તો તે ખેદકારક છે. આવી હકીકત:મહાસુખ હરગોવિંદ દોશી એક આઠ પૃષ્ટનું ચોપાનીઉં બહાર પાડીને જણાવે છે. એ સંબંધમાં રાંધણપુર નિવાસી જૈન બંધુઓનું ધ્યાન ખેંચવામાં આવે છે અને એ રિવાજમાં પ્રવેશ પામેલ હાનિના તત્ત્વો દૂર કરવાનો આગ્રહ કરવામાં આવે છે. આ ચોપાનીઆમાં ઘણા આચાર્યો તથા અન્ય ગૃહસ્થોના પણ આવાજ અભિપ્રાયો પ્રગટ કરેલા છે, તે ધ્યાનમાં લેવા લાયક છે.

* * * *

કેશરના સંબંધમાં એક પંન્યાસજી લખે છે કે—"તમે આ બાબત પડતી કેમ મૂકી ? અશુદ્ધ કેશર નહીં વાપરવાનું મોઢે તો સૌ કબુલ કરે છે, પણ બંધ કરવાનો ઠરાવ કોઈ કરતા નથી અને સાધુ મુનિરાજ પણ જાણે આમને આમ ચાલવા દેવા રાજી હોય એમ તેવો ઠરાવ કરવા પ્રેરણા પણ કરતા નથી. તેથી જેમ ચાલતું હતું તેમજ ચાલવા લાગ્યું છે. અમે તો એમાં પરમાત્માની પ્રત્યક્ષ આશાતના દેખીએ છીએ, અને ચંદનને બદલે કેશરની મુખ્યતા થઇ પડી છે, તેને લીધે પ્રતિમાજી ઉપર ખોળાં ચડાવવા પડે છે અને તેની પૂજા કરવાનું પ્રાપ્ત થાય છે. માટે આશા છે કે તમે આ ચળવળ બંધ નહિ કરો."

આના ઉત્તરમાં જણાવવાનું કે—અમે ગયા અંકમાં જણાવેલા ૧૯ મુનિમહારાજાના અભિપ્રાયમાં કેટલાક તો કેશરનો બહિષ્કાર કરવાના સંબંધમાં એવા સજ્જડ અભિપ્રાય આવેલા છે કે તે પ્રગટ કરવાથી શુદ્ધાશુદ્ધ કેશરનો પક્ષ કરનારને વિચાર થઇ પડે તેમ છે; પરંતુ એ અભિપ્રાયો પ્રગટ કરીને 'મુનિવર્ગમાં પણ પરસ્પર આવા વિરૂદ્ધ વિચાર ધરાવનાર છે' એવું અમે સ્પષ્ટ કરવા માગતા

નથી. એ ત્રણ વિચારો કેશરની તરફેણના હોઇને તેની ઉપર અમારા બીજા બંધુ મુસ્તાક રહે છે અને મનમાન્યું લખે છે પણ અમે તેવું કાંઇ પણ ન લખતાં માત્ર અશુદ્ધ કેશર બીલકુલ ન વપરાય તેવો સજ્જડ પ્રતિબંધ કરવા દરેક ગામ ને શહેરના શ્રી સંઘને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

પરદેશી તરીકે તેનો બહિષ્કાર કરવાના શબ્દથીજ કેટલાક બંધુઓ તો ભડકે છે, પણ જુઓ હાલમાં સૂરજ છાપવાળાએ કેવા ભાવ વધારી દીધા છે અને એ રસ્તે આપણું સકમાઇનું કેટલું દ્રવ્ય માંસાહારી પ્રજાના હાથમાં જાય છે તેનો વિચાર કરવાનો છે. એ સંબંધમાં આંખ આડા કાન કરવા હોય તો નિરૂપાયપણું છે. અમે તો કેશરમાં આવો ગોટાળો હોવાથી એકલી ચંદન પૂજા કરવામાં આવે તેમાં બીલકુલ જિનાજ્ઞાનો ભંગ થતો નથી, એટલું ભાર મૂકીને કહીએ છીએ.

એક મુનિરાજ કેશર, ચંદનપૂજામાં મિશ્ર કરવાના સંબંધમાં કેટલાક આધાર બતાવવા સાથે એટલું તો ચોક્કસ લખે છે કે–" બીજી કોઇ પણ અપવિત્ર વસ્તુ જિનપૂજામાં કે જિનમંદિરમાં વપરાતી હોય તો તેટલા ઉપરથી કેશર પણ અપવિત્ર વાપરવું એ વાત કોઇ રીતે ઘટિત નથી. બીજા અપવિત્ર પદાર્થોનો વપરાશ બંધ કરવા પ્રયત્ન કરવો એ યોગ્ય છે, પરંતુ ત્યાં સુધી અપવિત્ર કેશરને જાણ્યા છતાં જિનપૂજામાં ચાલવા દેવું એ કોઇ રીતે યોગ્ય નથી."
આ મુનિનો લેખ લંબાણ છે. તે સ્થળસંકોચના કારણથી દાખલ કરી શકયા નથી.

* * * *

શેઠ નગીનભાઇ ઘેલાભાઇ ઝવેરી મુંબઇ ખાતે પંચત્વ પામ્યા છે, તેની ખેદ સાથે નોંધ લેતાં એક હકીકત ખાસ જણાવવાની છે કે એમણે પોતાના દ્રવ્યમાંથી સવા બે લાખ રૂપીઆ જેટલી મોટી રકમ શુભ નિમિત્તે વાપરવા કાઢી છે. તે રકમમાંથી અમુક રકમનો વ્યય નીચે જણાવેલા ખાતાઓમાં કરવાનો છે, એમ ભાઇ શ્રી જીવણચંદ સાકરચંદ ઝવેરી જણાવે છે.

શેઠ ઘેલાભાઇ લાલભાઇ કેશરબરાસ ફંડ. શેઠ નગીનચંદ કપુરચંદ જીવદયા ફંડ
શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ. શ્રી રત્નસાગરજી જૈન પાઠશાળા.
શેઠ ધર્મચંદ ઉદેચંદ જીર્ણોદ્ધાર ફંડ. શ્રી સુરત પાંજરાપોળ.

આ ખાતાઓમાં યોગ્ય રકમ આપવા ઉપરાંત બે લાખ જેટલી મોટી રકમ તો ખાસ સુરત ખાતે જૈન હાઇસ્કુલ કરવામાં અથવા ધર્મશાળા બાંધવામાં વાપરનાર છે. આ સંબંધમાં તેમને ધન્યવાદ ઘટે છે. અમે તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

* * * *

શ્રી પ્રભાસપાટણ ખાતે શેઠ ઓતમચંદ હીરજીના કુટુંબમાં એક લગ્ન

પ્રસંગ હતો. તે પ્રસંગે ઉજમણું, અઠ્ઠાઇ મહોત્સવ, સમવસરણની રચના વિગેરે અનેક શુભ કાર્યો કરવામાં આવ્યા હતા. સાંસારિક પ્રસંગમાં પણ આવા શુભ કાર્યો સાથે કરવા એ ખરેખરી ધર્મની લાગણી સૂચવે છે. સદ્ગુરૂના ઉપદેશનું એ પરિણામ છે.

ઉપરાંત એ ગૃહસ્થના કુટુંબીઓએ એકલાખ રૂપીઆની બીજી સખાવત જાહેર કરી છે. તે મુખ્યત્વે નીચે જણાવેલા કાર્યોમાં વાપરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૨૫૦૦૦) શેઠ હીરજી નાગજી ઔષધાલય.
૨૫૦૦૦) શેઠ ઓતમચંદ હીરજી વીશા ઓસવાળ જૈન બોર્ડીંગ.
૧૩૦૦૦) શ્રી નંદુબાઇ શ્રાવિકા કન્યાશાળા.
૧૦૦૦૦) શેઠ ઓતમચંદ હીરજી વીશા ઓસવાળ સહાય ફંડ.
૧૩૦૦૦) શેઠ ઓતમચંદ હીરજી સુકૃત ફંડ.
૪૦૦૦) શેઠ કલ્યાણજી ખુશાલચંદ જૈન પુસ્તકાલય.
૨૫૦૦) શેઠ રતનજી પાનાચંદ સ્મારક ફંડ.
૨૦૦૦) શેઠ ઓતચંદ હીરજી સ્નાત્ર પૂજામાં.
૨૦૦૦) શેઠ ઓતમચંદ હીરજી આંબેલ ખાતામાં.
૧૦૦૦) શેઠ હીરજી નાગજી પાણીની પરબમાં.
૫૦૧) શ્રી પ્રભાસપાટણ પાંજરાપોળમાં.
૨૫૦) શ્રી પ્રભાસપાટણ ખાતે ભંડાર અને સાધારણમાં.
૨૨૦૦) પરચુરણ અનેક ખાતાઓમાં.

ઉપર પ્રમાણે કુલ રૂ. ૧૦૦૪૫૧) ની સખાવત જાહેર કર્યા બાદ શેઠ ઓતમચંદ હીરજી સુકૃત ફંડમાં તેમના સંબંધીઓ તરફથી રૂ. ૨૭૦૮) આપવાનું જાહેર કરવામાં આવ્યું છે.

ત્યારબાદ કન્યાશાળા પાઠશાળામાં અભ્યાસ કરતી કન્યાઓ તથા વિદ્યાર્થીઓને ઇનામ વહેંચાવામાં આવ્યા હતા. મળેલી લક્ષ્મીનો આ ખરેખર લ્હાવો છે. નામદાર નવાબસાહેબ તરફથી આ પ્રસંગે શેઠશ્રીને પોશાક એનાયત કરવામાં આવ્યો હતો.

* * * *

શેઠ આણંદજી કલ્યાણજી તરફથી તેના સર્વે પ્રતિનિધિઓએ એકત્ર મળીને શ્રી ગીરનારજી તથા સિદ્ધાચળજી માટે ત્યાંના રાજ્યો તરફથી ઉત્પન્ન થયેલી અયોગ્ય ઉપાધિઓ સંબંધી વિચાર કરવા સારૂ તા. ૧૭મી ૧૮મીના આમંત્રણ બહાર પાડવામાં આવ્યા હતા. બહારગામથી પણ કેટલાક પ્રતિનિ-

ધિઓ પધાર્યા હતા. તે પ્રસંગે શું શું ઠરાવો થયા તે હવે પછી બહાર પાડવામાં આવશે.

# पुस्तकोनी पहोंच.

નીચે જણાવેલ બુકો તથા ગ્રંથો જુદી જુદી સંસ્થાઓ તથા ગૃહસ્થો તરફથી ભેટ તરીકે મળ્યા છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ. સિવાય ઘણી સંસ્થાઓના રીપોર્ટ અને નાની નાની બુકો કે લેખો રીવ્યુ માટે આવે છે. પરંતુ સ્થળસંકોચાદિ કારણથી તેની પહોંચ આપી શકાતી નથી અને રીવ્યુ લઇ શકતા નથી. તેને માટે ક્ષમાયાચના છે.

**संवेध छत्रीशी**—આ બુકમાં ગતિ, ઇંદ્રિય, કાય વિગેરે ૩૬ દ્વારના ઉત્તર ભેદ તેમજ ૩૬ દ્વારના ઉત્તર ભેદોનો સંવેધ બતાવવામાં આવ્યો છે. પ્રથમ તે ૩૬ દ્વારના ઉત્તર ભેદોનું વર્ણન બહુ સારી રીતે કરવામાં આવ્યું છે; પછી પરસ્પર સંવેધ કરવામાં આવ્યો છે. પ્રકરણના અભ્યાસીઓને આ બુક બહુજ ઉપયોગી છે. મૂલ્ય રાખવામાં આવ્યું નથી; પરંતુ બે રૂપીઆની કિંમત ગણાય એવી પૃષ્ઠ ૪૫૭ની બુક છે. તૈયાર કરવાનો પ્રયાસ પંન્યાસજી અજિતસાગરજી ગણિએ કરેલો છે. બીજી ઉપાધિઓમાં—ક્લેશમાં વખતનો વ્યય કરવાને બદલે જો આવા પ્રયાસોમાં અમૂલ્ય વખતનો વ્યય કરવામાં આવે તો કોમને બહુ લાભ થાય.

**प्रकरण सुखसिन्धु—द्वितीय विभाग**—આ બુકમાં કસ્તુરી પ્રકરણ, સિંદુર પ્રકરણ, હિંગુળ પ્રકરણ અને ધર્મ સર્વસ્વ—આ ચારે ગ્રંથો અર્થ સાથે આપવામાં આવેલ છે અને ત્યારપછી કેટલાક સંસ્કૃત સ્તોત્રોનો સંગ્રહ પં. અજિતસાગરજીનો પોતાનો રચેલો આપવામાં આવ્યો છે. છેવટે સુભાષિત મુક્તાવળી ૫૦૦ શ્લોક પ્રમાણ તેમની રચેલી આપવામાં આવી છે. આ સર્વ પ્રયાસ તેજ મહાત્માનો છે. જૈનવર્ગને બહુ હિતકર એવી આ કૃતિ ખરેખર ધન્યવાદને યોગ્ય છે. આ બુકની કિંમત પણ રાખવામાં આવી નથી. સુમારે દોઢ રૂપિઆની કિંમત જેવી બુક છે.

આ બંને બુકોની નકલો વિઠ્ઠલભાઇ જીવાભાઇ પટેલ—ઝવેરીવાડ—નાગોરીસરાહ. અમદાવાદ તરફથી બહોળે હાથે ભેટ આપવામાં આવે છે.

**पंचलिंगी प्रकरणम्**——શ્રીજિનેશ્વરસૂરિ વિરચિત આ પ્રકરણ શ્રી જિનપતિસૂરિ વિરચિત ટીકા સહિત તેમજ ઉપાધ્યાય શ્રી જિનપાળગણિ સંકલિત ટિપ્પણી સહિત શ્રીજિનદત્તસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી ગ્રંથાંક ૧૦મા તરીકે બહાર પડેલ છે. તેની એક નકલ તેના આર્થિક સહાયક શેઠ

પીતાંબર પન્નાજી તરફથી તેમના બંધુ ઝવેરચંદ પન્નાજીએ ભેટ મોકલી છે. આ પ્રકરણની અંદર સમ્યકૃત્વના પાંચ લિંગ–શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિકયતાનું બહુ શ્રેષ્ઠ રીતે વિવેચન કરવામાં આવ્યું છે. પ્રસંગોપાત કથાએ પણ આપવામાં આવી છે, સમકિતના અભિલાષીઓને અતિ ઉપયોગી ગ્રંથ છે. આવા અનેક અપૂર્વ ગ્રંથો પૂર્વાચાર્યો કરી ગયા છે તે પ્રસિદ્ધ કરીને તેનો જૈનવર્ગને લાભ આપવા યોગ્ય છે. એ મહાત્માઓનો ઉપકાર તો સીમા વિનાનો છે.

**मत–मीमांसा**–પ્રથમ ભાગ–આત્મકમળ જૈન ગ્રંથમાળાના ૧૧ મા પુષ્પ તરીકે બહાર પડેલની એક નકલ શ્રી મહાવીર જૈન સભા ખંભાત તરફથી ભેટ દાખલ મળી છે. કિંમત સવા રૂપીઓ રાખેલ છે. શ્રીમદ્ વિજળકમળસૂરિ મહારાજે હિંદીમાં બનાવેલ છે. પ્રારંભમાં ચાર મહાત્માઓના ફોટા ગુણસ્તુતિ અષ્ટક સાથે છે. આ ભાગમાં 'જૈની તાંત્રિક વાદી બની ગયા છે' એમ કહેનારનું ખંડન છે. આવા ચાર ભાગ બહાર પડવાના છે, પ્રયાસ ઘણો ઉપયોગી ને ઉપકારક છે, શ્રીમન્ લબ્ધિવિજયજી વ્યાખ્યાનવાચસ્પતિએ સંયોજના કરવામાં ઠીક પ્રયાસ કર્યો છે.

**जैन वार्षिक पर्वो અને नित्य स्मरण स्तोत्रसंग्रह**––આ બુક માસ્તર ઉમેદચંદ રાયચંદે તૈયાર કરી છે અને નગરશેઠના કુટુંબના શેઠાણી મહાલક્ષ્મી બહેને પોતાના ખર્ચથી છપાવી છે. બુક બહુ ઉપયોગી ને સુંદર બનાવી છે. કિંમત રાખવામાં આવી નથી. આ બુકમાં નવસ્મરણાદિ સ્તોત્રો અને તત્ત્વાર્થ મૂળ તથા ચઉસરણ આઉરપચ્ચખ્ખાણ અર્થ સહિત––પહેલા ભાગમાં પૃષ્ટ ૨૩૩ સુધીમાં આપવામાં આવ્યા છે. પછી બીજા વિભાગમાં દીવાળી વિગેરે તમામ જૈન પર્વોની હકીકત માહાત્મ્ય, દેવવંદન વિગેરે ( પૃષ્ટ ૫૩૬ સુધી ) આપવામાં આવેલ છે. બુક ઘણી ઉપયોગી બનાવી છે. અંદર કથંચિત્ અશુદ્ધિ રહી ગઇ છે તે સુધારવા યોગ્ય છે.

**શારીરિક કેળવણી**––પૃષ્ટ ૪૬નો નિબંધ વકીલ નંદલાલ લલુભાઇ વડોદરા નિવાસીએ બહાર પાડેલ મળ્યો છે. વાંચવા લાયક છે. તદનુસાર વર્તન કરવામાં આવે તો શારીરિક અનેક લાભો અવશ્ય થાય તેમ છે.

**દ્રવ્ય પ્રદીપ**—આ બુક પ્રવર્તક શ્રી મંગળવિજયજી મહારાજે બહુ ઉપયોગી બનાવી છે. તેની અંદર ષટ્ દ્રવ્યનું ટુંકું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જીવની સિદ્ધિ કરવામાં સારો પ્રયાસ કર્યો છે. બુક તો માત્ર ૬૪ પૃષ્ટની છે, પણ ખાસ વાંચવા લાયક છે. શ્રી યશોવિજય ગ્રંથમાળા ઓફીસ. ભાવનગર. તરફથી છપાવવામાં આવી છે. ભેટ આપવામાં આવે છે. જૈન બંધુઓએ અવશ્ય લાભ લેવા યોગ્ય છે.

**ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ ૩ જો**—આ બુક પણ ઉપર જણાવેલ સંસ્થા તરફથીજ બહાર પાડવામાં આવેલ છે. આ બુકમાં શ્રી વિનયદેવસૂરિ વિગેરે નવ મહાત્માઓના નવ રાસ આપવામાં આવેલ છે. પ્રારંભમાં એ નવે રાસોનો સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. શ્રી વિજયધર્મસૂરિ મહારાજે આ પ્રયાસ કર્યો છે. બુક બહુજ ઉપયોગી છે. કિંમત બે રૂપિયા રાખેલ છે તે વધારે જણાય છે. વધારે ફેલાવો થવા માટે કિંમત ઘટાડવાની જરૂર છે. બાકી હાલની સ્થિતિના પ્રમાણમાં તો યોગ્ય છે.

**ઐતિહાસિક રાસ સંગ્રહ—ભાગ ૪ થો.** આ બુક પણ ઉપર જણાવેલ સંસ્થા તરફથીજ બહાર પાડવામાં આવેલ છે. એમાં શ્રી વિજયતિલકસૂરિનો રાસ એકજ આપવામાં આવ્યો છે. પ્રારંભમાં એ રાસનું નિરીક્ષણ પૃષ્ઠ ૯૫માં લખ્યું છે, તે ખાસ વાંચવા લાયક છે. આ પ્રયાસ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે કરેલો છે. પ્રયાસ ખરેખરો સ્તુત્ય છે. આ બુકની કિંમત અઢી રૂપીઆ રાખવામાં આવી છે. બુકના ફેલાવા માટે આ કિંમત વધારે પડતી લાગે છે. બની શકે તો ઘટાડવાની સૂચના છે.

**શ્રી પાર્શ્વનાથ કુમાર અને કમઠ તાપસનું ચિત્ર**—આ બહુજ સુંદર અને આબેહુબ દેખાવવાળું ચિત્ર શ્રી વડોદરા નિવાસી મોતીલાલ નેમચંદ મોદીએ બહાર પાડેલું છે. કલમનું કામ આબેહુબ કરેલું છે. શ્રીવિજયાનંદસૂરિ જૈન સાહિત્ય ચિત્રમાળાના પ્રથમ પુષ્પ તરીકે જણાવી આવા જુદા જુદા જૈન સાહિત્યમાંથી ૨૪ દેખાવો ૨૪ પુષ્પ તરીકે બહાર પાડવા ઇચ્છા રાખે છે. કિંમત રૂ. ૧ ) રાખેલ છે. તે ચિત્ર જોતાં વધારે લાગે તેમ નથી. મંગાવવા ઇચ્છનારે તેમની ઉપર વડોદરે પત્ર લખીને મંગાવવું. અમને તેની એક નકલ ભેટ તરીકે મળી છે તે સ્વીકારીએ છીએ અને તેમના આ શુભ પ્રયાસમાં તેમને ફત્તેહ મળો એમ ઈચ્છીએ છીએ.

---

## શ્રી જૈન આગમોદય સમિતિ.

આ સમિતિની છેવટની જનરલ મીટીંગ રતલામ ખાતે મળી હતી. તેમાં થયેલા ઠરાવો મળ્યેથી બહાર પાડવામાં આવશે; પરંતુ તેના કાર્યવાહકોને ખાસ વિનંતિ કરવાની કે—સૂત્રોને અંગે બાકીનું કામ—બે ત્રણ સૂત્રો, પયન્નાઓ તેમજ છપાયેલા સૂત્રોની પણ બીજી ઉપયોગી ટીકાઓ ને નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિમાંથી જે બાકી રહેલ હોય તે છપાવવાનો પ્રબંધ થયા બાદ વધે તોજ કાગળો વેચવામાં આવે તો સારૂં. આ બાબત જો રહી જશે તો પૂર્ણ કરનાર મળવા મુશ્કેલ છે. એજ પ્રાર્થના.

અમારી તરફથી હાલમાં બહાર પડેલ છે.

શ્રી સિદ્ધર્ષિકૃતા

## ૧ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાષાંતર.

પ્રથમ ભાગ. પ્રસ્તાવ ૧-૨-૩.

**પ્રથમ પ્રસ્તાવ**-ગ્રંથકર્ત્તાની પ્રસ્તાવના, કર્ત્તાનો નિષ્પુણ્યક તરીકે દેખાવ, સુસ્થિતરાજ આદિ અનેક મહાન્ બનાવો અને તેનો ઉપનય ( પીઠબંધ ).

**દ્વિતીય પ્રસ્તાવ**-મનુજગતિ નગરી, કર્મપરિણામ રાજા, કાળપરિણુતિ દેવી, સદાગમ, અગૃહિતસંકેતા, પ્રજ્ઞાવિશાળા, સંસારીજીવ, નિગોદથી મનુજગતિ નગરી સુધીના આગમનનો અદ્ભુત વૃત્તાંત.

**તૃતીય પ્રસ્તાવ**-નંદિવર્ધન, વૈશ્વાનર, ક્ષાંતિકુમારી, સ્પર્શન કથાનક, બાળ-મધ્યમ-મનીષીનો વૃત્તાંત, મિથુનદ્વય અંતરકથા, ક્રોધ અને હિંસાની ભયંકર અસરો, વિવેક કેવળી, ભવપ્રપંચ; ત્રણ પ્રકારના કુટુંબો.

ભાષાંતર કર્ત્તા-મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ-સોલીસીટર.

કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ રૂ ૦-૧૦-૬

આ અતિ અદ્ભુત ગ્રંથની નકલો બહુ થોડી છપાવેલી હોવાથી અને પડતર કરતાં પણ લગભગ એક રૂપીએ ઓછે વેચવાની કિંમત રાખેલી હોવાથી તરત મંગાવનારનેજ તેનો લાભ મળી શકશે. આ ગ્રંથના વખાણ કરવા પડે તેમ નથી. આખા ભાષાસાહિત્યમાં અદ્વિતીય ગ્રંથ છે. લગભગ ૯૧ ફારમ થયા છે અને નિર્ણયસાગર પ્રેસમાં બહુ સારી રીતે છપાવી સુશોભિત બાઈંડીંગથી બંધાવેલ છે. તરત મંગાવીને લાભ લ્યો.

લાઈફ મેમ્બરોને આ બુક એક રૂપિયો બાદ કરીને એટલે બે રૂપીઆથી આપવામાં આવશે. પોસ્ટેજ જુદું. સિવાયના વાર્ષિક મેમ્બરોને કિંમતજ એક રૂપીઓ કમી રાખેલ હોવાથી ઓછી કિંમતે આપી શકશું નહી.

---

## ૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩ જો. સ્થંભ-૧૩થી૧૮.

કિંમત રૂ ૨-૮-૦ પોસ્ટેજ સાત આના.

આ સંસ્કૃત ગ્રંથ બીલકુલ સહાય વિના બહાર પાડવામાં આવેલ હોવાથી અને બેહુ ઘણી પ્રતો અપાયેલ હોવાથી એમાં મેમ્બરોનું કાંઈ પણ ઓછું લઈ શકશું નહીં. માત્ર જે લાઈફ મેમ્બર કે વાર્ષિક મેમ્બર મંગાવશે તેને સભાના પોસ્ટેજથી મોકલશું; એટલે પોસ્ટેજ પુરતો (સાત આનાનો) લાભ આપશું.

૩ બે પ્રતિક્રમણ સૂત્ર. ગુજરાતી. મોટા ટ.ઈપ. કેટલાક સુધારા વધારા સાથે. ૦-૪-૦

૪ શ્રી ચૈત્યવંદન ચોવીશી. પાકા કપડાના પુંઠા સાથે. ૦-૬-૦

૫ શ્રી ગૌતમસ્વામીનો રાસ અર્થ સહિત. ૦-૧-૦

૬ શ્રી રત્નાકર પચ્ચીશી-અનુવાદ અર્થ સંયુક્ત. પાંચમી આવૃત્તિ ૦-૧-૦

---